પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૦૬/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૦ જેઠ વદ-૪ વર્ષ : ૧૫ અંક : ૧૬૫

**સુવિચાર**

સુખ માણસના મનમાં જ સમાયેલ છે.
માણસ તેને નથી ઓળખી શકતો તે જ તેનું દુઃખ છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
હૃદયરોગ - બીપી
શ્વાસ - દમ - ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
પોઈઝન - સર્પદંશ
ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૯૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૯૨ ૬૩૦૦

## સમગ્ર લોકસભા વિસ્તારની જનતાએ ઐતિહાસિક મતોથી વિજેતા બનાવતા

# અમરેલીનાં સાંસદ ભરત સુતરીયા લોકસભાનાં પગથિયે નતમસ્તક

**દેશની સૌથી મોટી પંચાયત ગણાતાં પાર્લામેન્ટ હાઉસમાં આસ્થા અને ઉત્સાહભેર પ્રવેશ કર્યો**

**અમરેલી જિલ્લાનાં વિવિધ પ્રશ્નોનાં નિરાકરણનાં આશાવાદ સાથે પાર્લામેન્ટમાં પ્રવેશ કર્યો**

**લોકશાહી શાસનમાં મંદિર સમાન ગણાતા પાર્લામેન્ટ હાઉસમાં નતમસ્તક કરવા એ શુભ સંકેત**

**૧૦ વર્ષ પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પગથિયે નતમસ્તક બનીને પ્રવેશ કર્યો હતો**



અમરેલી, તા. ૨૪

અમરેલી લોકસભા વિસ્તારની ચૂંટણીમાં ઐતિહાસિક મતોથી વિજેતા થયેલ જિલ્લા પંચાયતનાં પ્રમુખ અને લાઠીનાં જરખીયા ગામનાં ભરત સુતરીયાએ દેશની સૌથી મોટી પંચાયત અને લોકશાહી શાસનમાં જેમનું મંદિર જેવું સ્થાન છે તેવા પાર્લામેન્ટ હાઉસમાં પગથિયે નતમસ્તક બનીને પ્રવેશ કર્યો હતો.

નવનિયુકત સાંસદ કૃષિક્ષેત્ર સાથે જોડાયેલ છે અને તેઓ પણ ખેતી કાર્ય આજે પણ કરી રહ્યા હોય તેઓ અમરેલી જિલ્લાનાં ખેડૂતો, શ્રમિકોને લગતા પ્રશ્નોનું નિરાકરણ કરાવ તત્પર હોય જિલ્લાનાં ખેડૂતોમાં પણ નવનિયુક્ત સાંસદ ખેડૂતોનાં પ્રશ્નો પાર્લામેન્ટમાં રજૂ કરીને તેમનું નિરાકરણ કરશે તેવો આશાવાદ ઉભો થયો છે.

### આર્થિક સકડાંમણ હોવાથી ચિંતા વધતાં

## દામનગર : રાભડા ગામનાં યુવકે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

**પત્ની, દિકરો અને ૨ દિકરી અનાથ બન્યા**

દામનગર, તા. ૨૪

દામનગર તાબાના રાભડા ગામે રહેતા દલિત પરિવારના નાનજીભાઈ પરમારનો પુત્ર કિરીટ (ઉ.વ. ૩૫) સેન્ટિંગનું કામ કરતા હતા, તેમાં નુકશાન થતા અને હિરા ઘસવાનું પણ કામ કરતા હતા, તેમાં પણ કામ થતું ન હોય, આવી કપરી પરિસ્થિતિમાં પોતાના પરિવારમાં તેમની પત્ની, એક દિકરો અને બે દિકરીનાં જીવન નિર્વાહ માટે શું કરવું તેવા વિચાર સાથે કંટાળીને ગતરોજ તા.૨૪–૦૬ ને સોમવારે દામનગરમાં પટેલ વાડી નજીક ઝેરી દવા પી લેતા ૧૦૮માં અહીંના સામૂહિક આરોગ્ય



કેન્દ્રમાં લઈ જવામાં આવેલ ત્યાં હાજર

અનુસંધાન પાના ૬ ઉપર

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/– થી ૧૮,૦૦૦/–
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/– થી ૩૦,૦૦૦/–
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : રૂા. ૭,૫૦૦/– થી ૮,૫૦૦/–
સ્વીપર (લેડીઝ)
પગાર ધોરણ : રૂા. ૭,૦૦૦/– થી ૮,૦૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

### રાજ્ય અને દેશમાં પુલ પડવા કે પુલમાં ગાબડા પડવાની મૌસમ ખિલી

## લ્યો બોલો : બાબરામાંથી પસાર થતાં રાજકોટ–ભાવનગર હાઈવે ઉપર આવેલ પુલમાં મસમોટા ગાબડા પડયા

**ભ્રષ્ટાચાર નામની બલ્લાનાં લીધે જનતા જનાર્દન ત્રાહીમામ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૪

બાબરામાં રાજકોટ–ભાવનગર સ્ટેટ હાઈવે રોડ પર આવેલ બ્રિજ પર મોટા ખાડા પડી જતા નાના વાહન ચાલકો સ્લીપ થઈ પડી જતા અકસ્માત સર્જાય રહ્યા છે. ત્યારે કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પહેલા તંત્ર દ્વારા બ્રિજ પર પડેલા ખાડા બુરવામાં આવે તેવી વાહન ચાલકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે.

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,450/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૪/૦૬/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

### ભાવનગર જવાનું કહીને નીકળેલ

## જાફરાબાદનાં બાલાનીવાવ ગામનાં યુવકનો મૃતદેહ મળી આવતાં અરેરાટી

**સ્થાનિક પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૨૪

'ના જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે' ત્યારે ગત તા. ૧૮ ના રોજ જાફરાબાદ તાલુકાના બાલાનીવાવ ગામે રહેતો એક યુવક બાલાનીવાવ ગામેથી ભાવનગર જવા નીકળેલ. પરંતુ કુદરતને કંઈક અલગ જ મંજૂર હોય યુવક ભાવનગર પહોંચે તે પહેલાં જ કોઈ ભેદી રીતે મોત નિપજેલ હોય. યુવકના કામના હાડપિંજર મળી આવતાં પોલીસે બનાવ અંગે તપાસ હાથ ધરી છે.

અનુસંધાન પાના ૬ ઉપર

ભાજપ અગ્રણી ભુપેન્દ્ર બસિયા સહિતનાં આગેવાનો દ્વારા

# બાબરા ખાતે જનસંઘનાં સ્થાપક ડો. શ્યામ પ્રસાદજીને શ્રધ્ધાસુમન અર્પણ કરાયા

## નીલકંઠ મહાદેવ મંદિર ખાતે કાર્યક્રમ યોજાશે


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૨૪

બાબરામાં જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયાનાં અધ્યક્ષ સ્થાને શ્રી નીલકંઠ મહાદેવ મંદિર–ખાતે દેશમાં 'એક નિશાન, એક વિધાન, એક પ્રધાન'નો નારો આપનાર, ભારતની એકતા અને અખંડિતતા માટે સર્વસ્વ સમર્પિત કરનારા ભારતીય જનસંઘનાં સ્થાપક ડો.શ્યામા પ્રસાદ મુખર્જીના બલિદાન દિવસ નિમિતે તેમની છબી સમક્ષ પુષ્પાંજલિ પાઠવીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા.

આ તકે બાબરા શહેર અને તાલુકાનાં ભાજપનાં અગ્રણીઓ નીતિનભાઈ રાઠોડ, કિરીટભાઈ બગડા, અશ્વિનભાઈ મકવાણા, ભુપતભાઈ ખાચર, શિવભાઈ, કરીમભાઈ કોટડીયા, સવજીભાઈ સહિતનાં અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.

ગાયનેક વિભાગની સુંદર કામગીરી

# અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતે એક દિવસમાં ૧૮ ડિલિવરીની ઘટના

## ડો. જલ્પા રાઠોડ સહિતની તબીબી ટીમે ભારે જહેમત ઉઠાવી





અમરેલી તા. ૨૪

અમરેલી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતે અતિ આધુનિક નવા હોસ્પિટલ બિલ્ડિંગનું નિર્માણ અને વિવિધ કિલનિલક વિભાગોની સુવિધાઓમાં વધારો થતા અમરેલી જીલ્લાની જનતા તથા આસપાસના ગામનો જરૂરીયાત મંદ લોકો આરોગય સંબંધી સેવાઓનો મોટા પ્રમાણમાં લાભ લઈ રહેલ છે.

હોસ્પિટલ ખાતે કાર્યરત વિવિધ વિભાગો જેવા કે મેડિસિન, સર્જરી, ઓર્થોપેડિક, ગાયનેક પિડીયાટ્રીક, અને માનસિક રોગો, ચામડીના રોગો, કાન–નાક અને ગળા અને ફેફસાંનો વિભાગ, ડેન્ટલ વિભાગ વગેરે જેવી શાખાઓમાં નિષ્ણાંત ડોકટરો દ્વારા વિનામૂલ્ય નિદાન, વિનામૂલ્ય લેબોરેટરી, એકસ–રે અને સોનોગ્રાફી તપાસ અને દવાઓ જેવી સુવિધાઓ લોકોને મળી રહેલ છે. સાથે સાથે સીટી સ્કેન અને એમઆરઆઈ જેવી સુવિધાઓને લાભ નજીવા દરે લોકોને મળી રહેલ છે. ચાલુ મહિનામાં ગાયનેક વિભાગના ડો. જલ્પા રાઠોડ, ડો. રિધ્ધિ મહેતા, ડો. જાનકી કાલાણી તથા ડો. સંજય સોલંકી તથા અન્ય ડોકટરો અને એનેસ્થેટિક વિભાગ સાથે મળીને હાઈરિસ્ક ૩૩ ડિલવરી ની સાથે ૨૦૬ જેટલી ડિલિવરી સફળતાપૂર્વક પાર પડેલ છે. ગાયનેક વિભાગના ડોકટર દ્વારા તારીખ ૨૨/૦૬/૨૦૨૪ ના રોજ એક દિવસમાં ૧૮ ડિલવરી સફળતાપૂર્વક પાર પડાઈ હતી, જેમી ૧૨ નોર્મલ ૬ સિઝેરિયન ડિલિવરી કરવામાં આવેલ હતી. ગાયનેક ડોકટર ટીમ દ્વારા આવેલી પ્રશંસનીય કામગીરી બદલ ટ્રસ્ટના ચેરમેન વસંતભાઈ ગજેરાએ તમામ ડોકટરોને અભિનંદન પાઠવ્યા હતા અને તેમણે આરંભેલા આ સ્વાસ્થ્ય રૂપી સેવાયજ્ઞનો લાભ વધુને વધુ લોકોને મળ ે તે અંગે માર્ગદર્શન પૂરૂં પાડયું હતું.

# જાફરાબાદ ખાતે પોલિયો રસીકરણની કામગીરી કરાઈ


તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૨૪

આજરોજ ૦ થી લઈ અને ૫ વર્ષના તમામ વાલા બાળકોને પોલિયોના બે ટીપા આપી અને જિંદગી બચાવવા માટેનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો જાફરાબાદના મારા પીપળીકાંઠા વિસ્તારના જુદા જુદા ૩ બુથ નંબર ઉપર અર્બન હેલ્થ સેન્ટર સબસેન્ટરના બેનો દ્વારા આ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો તે સંદર્ભે આ કાર્યક્રમમાં હાજર રહી ને પીપળીકાઠા ના બાળકો ને પોલીયો ના બે ટીપા પીવડાવીને પોલીયો બુથની કામગીરીમા સહકાર આપ્યો હતો.

ભાવનગર–વેરાવળ વચ્ચેનાં હાઈવેમાં ગટર બનાવવાનુ ભુલાયુ

# રાજુલાનાં વીકટર ગામમાં નેશનલ હાઈવે વિભાગની અણઆવડતન અને બેદરકારીથી વરસાદી પાણીનો ભરાવો

## ગામજનોનાં ઘરોમાં પાણી ઘુસી જતાં નારાજગીનો માહોલ





રાજુલા, તા. ૨૪

રાજુલા તાલુકાના વિકટર ગામે થી ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે પસાર થાયછે જેમાં નેશનલ હાઈવે ફોરલેન ની કામગીરી ચાલુ છે તેમાં નેશનલ હાઈવે ફોરલેન પર ઓવરબ્રિજ બનાવવા માં આવેલ છે આ ઓવરબ્રિજ ની બાજુમાં સાઈડ રોડ ની બાજુમાં ગટર ન બનાવવામાં આવતા વરસાદી પાણી લોકોનાં ઘરોમાં ભરાયા છે આ અંગે વિકટર ગામે નાં ગ્રામજનો દ્વારા પી.આઈ.યુ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા ભાવનગર તથા નાયબ કલેકટર રાજુલાને લેખિત રજૂઆત કરી વિકટર ગામે નેશનલ હાઈવે રોડ નાં ઓવરબ્રિજ પાસે ગટર લાઈન માટે માંગ કરવામાં આવી હતી પરંતુ તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં ન આવતા લોકો હેરાન થઈ રહ્યા છે. નિયમો મુજબ ઓવરબ્રિજ સાઈડ રોડની બાજુમાં ગટર લાઈન નાખવામાં આવતી હોય છે પરંતુ અહિયાં વિકટર ગામે નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ગટર લાઈન ના બનાવતા રહીશો વરસાદી પાણી ભરાતાં મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે હજુ ચોમાસામાં વરસાદની શરૂઆત થઈ છે ત્યારે આવાં હાલ છે તો આવનારા સમયમાં ધોધમાર વરસાદમાં વિકટરનાં રહીશોની શું હાલત થાય છે એ તો હવે આવનારો સમય જ બતાવશે.

અમરેલી નજીક આવેલ

# પાણીયા ગામે થયેલ બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો

## એસીપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી



અમરેલી, તા. ૨૪

અમરેલી તાલુકાના પાણીયા, પ્લોટ વિસ્તારમાં રહેતા બિપિનભાઈ વેલજીભાઈ સાવલીયાએ પોતાનુ મોટર સાયકલ નંબર જી.જે.૦૧.જે.આર. ૫૯૧ કિંમત રૂપિયા ૨૨,૦૦૦ નું પોતાના ઘરે પાર્ક કરેલ હોય, જે મોટર સાયકલ ગત તા.૨૧/૬ ની રાત્રીના કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયેલ જે મોટર સાયકલ ચોરી અંગે બિપિનભાઈએ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબની ફરિયાદ અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ નોંધાવેલ હતી.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલા ગુનાઓ ડીટેકટ કરવા અમરેલી એલ.સી.બી ટીમને માર્ગદર્શન આપેલ હતુ. અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી.ટીમ તા. ૨૪/૬ નાં રોજ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન બાતમીના આધારે અમરેલી તાલુકા વિસ્તારમાંથી ઉપરોકત ચોરીના મોટર સાયકલ સાથે કેતન ઉર્ફે સબુ મનસુખભાઈ જાલેરા (રહે. પાણીયા, તા.જિ. અમરેલી) હાલ રહે. હીમખીમડી, (તા.ધારી, જિ. અમરેલી) વાળા ઈસમને પકડી પાડી, આરોપી તથા મળી આવેલ મોટર સાયકલ આગળની કાર્યવાહી થવા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

# બાબરામાં : મરી જવા મજબૂર કરવાના કેસનાં આરોપીઓનાં નિર્દોષ છૂટકારો



અમરેલી, તા. ૨૪

બાબરા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંઃ– ૨૦૭૦૬/૨નાં કામે આરોપી શૈલેષભાઈ મનસુખભાઈ વાઘેલા તથા મનસુખભાઈ મોહનભાઈ વાઘેલા તથા હંસાબેન વા/એ મનસુખભાઈ મોહનભાઈ વાઘેલાની અટક કરવામાં આવેલ જેમાં IPC-498(A), 114 કલમ અંતર્ગત ચાર્જસીટ કોર્ટમાં સબમીટ કરવામાં આવેલ ત્યારબાદ કેસનાં ફરિયાદી તથા પંચો તથા સાહેદો તથા સરકારી સાહેદો FSL અધિકારી તથા કેસનાં તપાસ કરનારને તપાસતા કેસનાં અંતે કોર્ટ દ્વારા આરોપીને નિર્દોષ છોડી મુકવા હુકમ કરેલ અને બચાવ પક્ષે વિદ્વાન વકીલ જે.આર. વાળાની દલીલો સફળ રહી.

અસહ્ય ગરમી વચ્ચે રાહત આપતી ઘટના

# ભૈ વાહ : કોટડાપીઠા ખાતે વાવણી લાયક વરસાદ થતાં જગતાત ગણાતા ખેડુતો ખુશ

## એક કલાકમાં બે ઇંચ વરસાદથી ઠંડક પ્રસરી


તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

કોટડાપીઠા, તા. ૨૪

બાબરા તાલુકાનાં કોટડાપીઠા ગામે લાંબા સમય રાહ જોવરાવ્યા બાદ આજે બપોરનાં ૧ થી ૨ નાં સમય ગાળામાં વીજળીનાં કડાકા ભડાકા સાથે જોરદાર પવન સાથે એક કલાકમાં અંદાજે બે ઈંચ વરસાદ પડેલ છે. આમ આને વાવણી લાયક વરસાદ થતા ખેડુતોનાં હર્ષની લાગણી ફેલાયેલ છે. આ વરસાદ કોટડાપીઠા તેમજ આજુબાજુનાં ગ્રામ્ય પંથકમાં વાવણી લાયકઅ વરસાદ પડેલ છે. વરસાદ થતા જ આજે બપોરના એક વાગ્યાથી વીજપુરવઠો ખોરવાયેલ છે. તે હાલ સાડ સાંજના સાડા પાંચ સુધી પણ હજુ વીજપુરવઠો તુંવવત થયેલ નથી. અને આકાશ વાદળોથી ઘેરાયેલ છે.

# અમરેલી જીલ્લા બેન્કને અટલ પેન્શન યોજના અંતર્ગત એવોર્ડ એનાયત







દિલ્હી ખાતે પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલ્પમેન્ટ ઓથોરેટી દ્વારા અટલ પેન્શન યોજના અંતર્ગત ''વાર્ષિક સન્માન સમારોહ''નું ઓયોજન કરવામાં આવેલ હતુ. જે અન્વયે દેશભરની તમામ પબ્લીક સેકટર, પ્રાઈવેટ સેકટર, રીજિયોનલ રૂરલ બેંક તથા સહકારી બેંક અટલ પેન્શન યોજના હેઠળ દેશના નીચલા તથા મધ્યમ વર્ગના લોકોને ેતેમની વૃધ્ધાવસ્થામાં પેન્શનરૂપી સહારો મળી રહે તે હેતુથી સમાજીક સુરક્ષાની કામગીરી કરી રહેલ છે. અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.એ અટલ પેન્શન યોજના હેઠળ સને. ૨૦૨૩–૨૪ દરમ્યાન ૨૧૮૨ નવા સબસ્ક્રાઈબર્સ જોડી ભારતમાં મોખરે સ્થાન હાસલ કરે છે. દેશભરની તમામ બેંકોમાં અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક લિ. એ અટલ પેન્શન યોજનમાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી, દિલ્હી દ્વારા "AWARD OF INSPIRATIONAL ACHIEVET" એવોર્ડ અર્પિત કરી અમરેલી જીલ્લા બેંકને શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનીત કરવામાં આવેલ હતી. ભારત સરકારની અટલ પેન્શન યોજનાથી વધુમાં વધુ લોકો આયોજનામાં લાભાર્થી બને તે હેતુથી અપાયેલ લક્ષ્યાંક બેંકના અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી રાહબરી હેઠળ બોર્ડ ઓફ ડિરેકટર્સ અને બેંક જનલર મેનેજર બી.એસ. કોઠીયાના માર્ગદર્શન હેઠળ બેંકના તમામ સ્ટાફના સફળ પ્રયોત્નોથી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. દ્વારા હાંસલ કરી માત્ર ત્રણ માસમાં ૧૬૩૦ ના લાભાર્થી જોડીને સર્વશ્રેષ્ઠ કામગીરી કરેલ છે. સમગ્ર દેશની રાષ્ટ્રીયકૃત અને સહકારી બેંકોમાં સર્વ પ્રથમ સ્થાન મેળવી CIRCLE OF EXCELLENCE કેમ્પેઈન હેઠળ વિશિષ્ટ સિધ્ધિ મેળવી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.એ "EXEMPLARY AWARD OF PAR EXCELLENCE" એવોર્ડ પ્રાપ્ત કરી જીલ્લા સહિત સહકારી ક્ષેત્રે ગૌરવ હાંસલ કરેલ છે. અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. એ અટલ પેન્શન યોજના તળે અપાયેલ લક્ષ્યાંક સામે ૨૦૦ ટકાના શ્રેષ્ઠ કામગીરી કરી કુલ ૨૦૯ બેંકોમાંથી પ્રથમ સ્થાન મેળવી સમગ્ર દેશમાં અટલ પેન્શન યોજનાની કામગીરીમાં વિક્રમજનક પરિણામ મેળવેલ છે. અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. જીલ્લાના ખેડૂતોની પોતીકી બેંક તરીકે કાર્યરહોય બેન્કીગ કામગીરી જીલ્લાના છેવાડાના લોકો સુધી પુરી પાડતી બેંક સરકારની અનેકવિધી યોજનાઓની કામગીરી કરી રહેલ છે. તેમ બેંકના મેનેજર એલ.એલ. શેખવાની યાદીમાં જણાવે છે.

### પાલિકાનાં રોશની વિભાગની કામગીરી અતિ દયનીય હાલતમાં

# અમરેલીમાં બંધ સ્ટ્રીટલાઈટનો આંક ૨૦૦થી વધી ૫૦૦ થયા

**પાલિકાનાં શાસકોને શહેરીજનોએ અવારનવાર રજૂઆત કરી, મીડિયામાં અહેવાલ પ્રસિધ્ધ થયો છતાં પણ પરિસ્થિતિ જૈસે થે**

**નાયબ દંડકે પણ પાલિકાને કડક તાકીદ કરી છતાં પણ બંધ સ્ટ્રીટલાઈટની સમસ્યા દૂર થતી નથી**

**રોશની અને બાંધકામ વિભાગ વચ્ચે તાલમેલનો અભાવ હોય શહેરીજનો પરેશાન**

**મ્યુનિસિપલ કમિશનર દ્વારા પાલિકાનાં રોશની વિભાગની કામગીરીની સમીક્ષા જરૂરી**

અમરેલી, તા. ૨૪

અમરેલી શહેરમાં છેલ્લા પાંચેક વર્ષથી સ્ટ્રીટલાઈટની સમસ્યાએ માથું ઊંચકયું છે. શહેરમાં હાલમાં ૫૦૦ જેટલી સ્ટ્રીટલાઈટ બંધ હાલતમાં જોવા મળી રહી છે. શહેરીજનો અવારનવાર પાલિકાનાં શાસકોને રજૂઆત કરે છતાં સમસ્યાનું કોઈ સમાધાન થતું નથી અને વધુ ને વધુ સ્ટ્રીટલાઈટ બંધ થઈ રહી છે. પાલિકાનાં રોશની વિભાગની નિષ્ક્રીયતા અને અણઆવડત દૂર ન થાય તો શહેરમાં અંધારપટ્ટ ઉભો થવાની દહેશત ઉભી થઈ છે.

"અમરેલી એકસપ્રેસ"માં બંધ સ્ટ્રીટલાઈટને લઈને અવારનવાર અહેવાલ પ્રસિધ્ધ કરવામાં આવી રહ્યા છે. શાસકોનું ધ્યાન પણ દોરવામાં આવ્યું છે. આ અંગે નાયબ દંડક કૌશિક વેકરિયાએ રોશની સમિતિનાં ચેરમેન ચિરાગ ત્રિવેદીને સુચના આપી હોવા છતાં પણ શહેરની બંધ સ્ટ્રીટલાઈટ શરૂ થતી નથી.

પાલિકાનાં શાસકોએ પાલિકાનાં રોશની અને બાંધકામ વિભાગ વચ્ચે સંકલન કરાવીને યુધ્ધનાં ધોરણે શહેરનાં રાજમાર્ગો, મુખ્ય બજારો, રહેણાંક વિસ્તાર અને આંતરિક ગલીઓમાં અંદાજિત ૫૦૦થી વધુ સ્ટ્રીટલાઈટ એક અઠવાડીયામાં શરૂ કરવા અને શહેરમાં એકપણ સ્ટ્રીટલાઈટ બંધ ન રહે તે માટે કુનેહપૂર્વક કામગીરી કરવી જરૂરી બની છે.

પાલિકાનાં ચીફ ઓફિસર, કમિશનર સહિતનાં અધિકારીઓએ પણ સ્ટ્રીટલાઈટની સમસ્યાનું નિરાકરણ કરવા માટે જે કોઈ કાર્યવાહી કરવાની થાય તે કરવી જરૂરી બની છે.

### ગાંધીનાં ગુજરાતમાં દારૂનું દુષણ બંધ થતું નથી

## બાબરા પોલીસે વિદેશી દારૂની ૧૪ બોટલ અને બાઈક કબ્જે કર્યા

**એક આરોપીની અટકાયત અન્ય બેની શોધખોળ**

અમરેલી, તા. ૨૪

બાબરા ગામે આવેલ દ્વારકકેશ સોસાયટી, બી-૨૩૬ રહેતા અમનભાઈ વાસુદેવભાઈ રાવળ ગત તા. ૨૩ના રોજ સાંજે ૬ઃ૪૫ના સમયે પોતાના હવાલાવાળા મોટર સાયકલ નં. જી.જે.-૨૩ બી.એફ-૧૭૦૯ને ચલાવી બાબરા પી.જી.વી.સી.એલ.ની ઓફિસ જવાના રસ્તે નિકળતા બાબરા પોલીસે ચેક કરતા આરોપીના નેફામાંથી ભારતીય બનાવટની દારૂ બોટલ નંગ-૨ ૭૫૦ મી.લી. કિંમત રૂપિયા ૭૦૦ તથા બાબરા ગામે રહેતા આરોપી લાલજીભાઈ મકવાણાના રહેણાંક મકાનેથી ૭૫૦ મી.લી.ની ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ-૧૨ મળી કુલ બોટલ નંગ-૧૪ કિંમત રૂા. ૪૯૦૦નો તથા મોટર સાયકલ કિંમત રૂા. ૨૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૨૯,૯૦૦ના મુદામાલ સાથે આરોપી અમનભાઈ પકડાઈ જઈ તથા આરોપી લાલજીભાઈ મકવાણા (રહે. બાબરા) તથા જીગાભાઈ ગૌસ્વામી (રહે. મોટા દડવા, તા. ગોડલ) વાળા હાજર નહી મળી આવી તેમની શોધખોળ આદરી છે.

### એટીએમ બેન્કની અંદર હોવાથી

## શાખપુરની એસબીઆઈ બેન્ક બંધ થાય એટલે એટીએમ સેવા પણ બંધ

**સપંચે બેન્કનાં એજીએમને રજુઆત કરી**

અમરેલી, તા. ૨૪

શાખપુર સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં એટીએમ બ્રાન્ચની અંદર હોવાથી બેંક બંધ થયા પછી એટીએમમાં પૈસા ઉપાડવાની ગ્રાહકોને ભારે મુશ્કેલી જેની રજૂઆત શાખપુર સરપંચ શ્રી જશુભાઈ ખુમાણે અમરેલી એસબીઆઈની હેડ ઓફિસના એજીએમને ટેલિફોનિક વાતચીત કરીને અને એક વર્ષ પહેલાં લેટર લખીને રજૂઆત કરી હતી સત્તા આજદિન સુધી તેનો કોઈ નિવેડો આવેલ નથી જેથી આજુબાજુના ગામ શાખપુર પાંચ તલાવડા નાના રાજકોટ નાના કણકોટ ખારા અને કલ્યાણ પરના ગ્રાહકોને ભારે મુશ્કેલી પડી રહી છે કરોડો રૂપિયાની ટર્નઓવર ધરાવતી આ બ્રાન્ચ મોટાભાગના ગ્રાહકો એટીએમથી વહીવટ કરે છે અને બેંક નિયમ અનુસાર એટીએમ નું ભાડું પણ વસૂલાત કરે છે તો બ્રાન્ચ બંધ થયા પછી જો લોકોને પૈસા ઉપાડવા હોય તો ૬ કી.મી. ગારીયાધાર જવું પડે છે જેથી વહેલી તકે બ્રાંચની અંદર રહેલું એટીએમ બહાર મૂકવામાં આવે તેવી રજૂઆત ફરી વખત શાખપુર સરપંચે કરી છે.

### કાળઝાળ ગરમી વચ્ચે અનિયમિત વીજળી મળતા ગામજનો પરેશાન

## વડિયા : પીજીવીસીએલની અણઆવડત અને બેદરકારીનાં લીધે અવાર નવાર વીજ ફોલ્ટ

**દર રવિવારે રીપેરીંગ માટે વીજ કાપ છતા સમસ્યા દુર થતી નથી**

વડિયા, તા. ૨૪

વડિયા ખાતે થોડા દિવસ પહેલા વડિયા પીજી વીસી એલ ની ઈલેવન કેવી લાઈન એલટી લાઈન ઉપર પડતા વડિયા ગ્રામપંચાયતની હજારો લાઈટો બળીને ભસ્મ થઈ ગઈ તો સાથેસાથે રેસીડેન્સી લોકો ના ટીવી, ફ્રીઝ સહિતના ઉપકરણો પણ બળી ગયા હોવાનું જાણવા મળ્યું છે.

વડિયા પીજી વીસી એલ ની છેલ્લા કેટલાક સમયથી અણ આવડત થી લોકો ત્રસ્ત થઈ ગયા છે અવાર નવાર વિજળી ગુલ થઈ જવી ઝટકા આવવાના કારણે લોકો ત્રાહીમામ પોકારી ગયા છે ત્યારે થોડા દિવસ પહેલા વડિયા પીજી વીસી એલની ઈલેવન લાઈન એલ ટી લાઈન ઉપર પડતા વડિયા ગ્રામ પંચાયતની ૨૬૦ જેટલી એલીડી લાઈટો બળીને ખાક થઈ ગય છે તો બીજી તરફ વડિયા ની પટેલ લાઈન ખેતાણી રોડ સ્ટેશન રોડ સહિતના રહેણાંક વિસ્તારમાં ટીવી, ફ્રીઝ સહિતના ઉપકરણો પણ બળી ભસ્મ થઈ ગયા છે જોકે અગાઉ વડિયા ગ્રામ પંચાયત દ્વારા પીજી વીસી એલ ને લેખીતમાં રજૂઆત કરી હતી કે આપની ઈલેવન લાઈન ના વાયરો ઢીલા પડી ગયા છે જેને ટાઈટ બાંધવામાં આવે તો જાનહાનિ અટકે પરંતુ વડિયા પીજી વીસી એલના અધિકારીઓ ઘોર નિંદ્રામા પોઢી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે કે પછી મેન્ટેનેસ કરવાનો સમય નથી હોતો એ પ્રશ્ન લોકોમાં ઉઠી રહ્યો છે જો કે દર રવિવારે મેન્ટેનેસ કરવા માટે વિજ પુરવઠો બંધ કાપ પણ રાખે છે છતાં કોઈ નિરાકરણ આવતું જ નથી.

## બાબરાનાં જાની પરિવારનું ગૌરવ

બાબરા, તા. ૨૪

બાબરામાં રહેતા દેવાંગરાજ જાનીનાં પુત્ર યથાર્થ જાની દ્વારા ભાવનગરની શાંતિલાલ શાહ એન્જીનંરીગ કોલેજમાં બીઈઈન મિકેનિકલ એન્જિનિયરિંગના છેલ્લા વર્ષમાં ૧૦/૧૦ માંથી એસપીઆઈ મેળવી બાબરા ગામ જાની પરિવાર અને બ્રહ્મસમાજનું ગૌરવ વર્ધાયુંછે.



### વૃક્ષોની ડાળીઓનો સંપર્ક જોખમી બનશે

## રાજુલામાં છતડીયા માર્ગથી પેટા બજારમાં ૧૧ કે.વી. લાઈન કલીયર કરવા માંગ

**જાગૃત્ત નાગરિકોએ નાયબ ઈજનેરને પત્ર પાઠવ્યો**

રાજુલા, તા. ૨૪

રાજુલાનાં છતડીયા માર્ગથી પેટાબજારમાં પસાર થતી ૧૧ કે.વી. લાઈનને વૃક્ષની ડાળીઓ અડતી હોય કરવા માટે સ્થાનિકોએ પી.જી.વી.સી.એલનાં નાયબ ઈજનોરોને પત્રમાં જણાવેલ છે કે, છતડીયા રોડ પરથી પેટા બજાર (શેરી)માં ૧૧ કે.વી. ની લાઈન ટીસી બિન કાયદેસર રીતે મુકત છે. પેટા બજારમાં ૧૧ કે.વી. લાઈન, ટી.સી મુકાતા નથી. છતા મુકેલ છે. આ ૧૧ કે.વી. લાઈન તાર ને આંબાનાં ઝાડની ડાળીઓ પવન આવે ત્યાર અટકીને શોર્ટ સર્કીટ થાય છે. આ લાઈન નીચે માણસો, વાહોનોની મોટી અવર જવાર છે. તેમજ આ શેરીમાં રહેતા નાગરિકોને અવર જવર કરવામાં જોખમ છે. નીચે બાળકો રમતા હોય, કયારે વાયરો તુટીને નીચે પડે તે નકકી નથી. વાવાઝોડા પછી ફરી ઉભી કરેલી લાઈનો અને વાયરો અટકાડી રાખી લાઈન ચાલુ કરેલી. જે એકદમ જર્જરીત વાયરો, ઈંગલો છે. તેમજ લાઈનની બાજુમાં આવેલ ઝાડની ડાળીઓ પવન હોય ત્યારે ઈલેવન લાઈનનાં વાયરોને અટકે છે અને શોર્ટ સર્કીટ થાય છે. જે અકસ્માત કરે તેમ છે. અને માનવ જીંદગી ઉપર પુરતુ જોખમ છે.

કર્મચારીઓ ઝાડ કાપવા આવેલ ત્યારે તેને મૌખીક રજુઆત સ્થાનીકોએ કરેલ, પણ તે કામ કરવા અનાદર કરેલ જેથી બાબતે જોવરાવી વહેલીતકે ઝાડની ડાળીઓ કપાવી અકસ્માત નીવારવા અન્યથા અકસ્માત થશે તેની જવાબદારી આપની રહેશે. તેમ પત્રમાં જણાવેલછે.




























### પ્રોટેમ સ્પીકર ભર્તૃહરિ મહતાબે મોદીને શપથ ગ્રહણ કરાવ્યા

# વડાપ્રધાન મોદીએ ૧૮મી લોકસભાના સાંસદ તરીકે શપથ ગ્રહણ કર્યા

## રાહુલ ગાંધીના હાથમાં બંધારણની મિની-કોપી હતી : રાહુલ-અન્ય વિપક્ષી સભ્યો ત્યાં સુધી બંધારણ બતાવતા રહ્યા જ્યાં સુધી મોદીએ શપથ ગ્રહણ ન કરી લીધા

નવી દિલ્હી, તા.૨૪

સંસદ સત્રના પ્રથમ દિવસે લોકસભામાં નવા ચૂંટાયેલા સાંસદોને શપથ લેવડાવવામાં આવ્યા હતા. સૌથી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૮મી લોકસભાના સાંસદ તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. પ્રોટેમ સ્પીકર ભર્તૃહરિ મહતાબે મોદીને શપથ ગ્રહણ કરાવ્યા હતા. જ્યારે નામ બોલાવવામાં આવ્યું ત્યારે મોદી તેમની ખુરશી પરથી ઉભા થયા અને સ્પીકરની ખુરશીની બાજુની જગ્યા તરફ ગયા. આ દરમિયાન ઘણા કોંગ્રેસી સભ્યો ગૃહની અંદર કંઈક બતાવતા નજર આવ્યા હતા.

કોંગ્રેસી સદસ્યોનું નેતૃત્વ પાર્ટીના પૂર્વ અધ્યક્ષ અને રાયબરેલીથી સાંસદ રાહુલ ગાંધી કરી રહ્યા હતા. તેમના હાથમાં બંધારણની મિની-કોપી હતી. રાહુલ અને અન્ય વિપક્ષી સભ્યો ત્યાં સુધી બંધારણ બતાવતા રહ્યા જ્યાં સુધી મોદીએ શપથ ગ્રહણ ન કરી લીધા. ત્યારબાદ કોંગ્રેસે પોતાના ઓફિશિયલ X હેન્ડલ પર તેનો વીડિયો પણ શેર કર્યો હતો. વીડિયોમાં કેપ્શન આપ્યું કે, 'જનનનાયકે નરેન્દ્ર મોદીને બંધારણ બતાવ્યું'.રાહુલ ગાંધીએ આ મહિને સમાપ્ત થયેલી લોકસભાની ચૂંટણી માટે પ્રચાર કરતી વખતે પણ પોતાની સાથે બંધારણની કોપી રાખી હતી. લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોએ બંધારણને એક મોટો મુદ્દો બનાવ્યો હતો. તેમનો આરોપ હતો કે ભાજપ બંધારણ બદલવા માંગે છે. કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પાર્ટીઓ સતત પીએમ મોદી અને ભાજપ પર બંધારણીય મૂલ્યોનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવતી રહી છે. સંસદનું વર્તમાન સત્ર પણ તેની સાથે સબંધિત વિવાદ સાથે શરૂ થયું. રાહુલે સોમવારે પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પર બંધારણ પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો હતો. રાહુલે કહ્યું કે આ અમને સ્વીકાર્ય નથી. કોંગ્રેસ સાંસદે સંસદ ભવન સંકુલમાં સંવાદદાતાઓને કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ બંધારણ પર હુમલો કરી રહ્યા છે. અમે બંધારણ પર આ હુમલો નહીં થવા દઈશું. તેમણે એમ પણ કહ્યું કે, આ હુમલો અમને સ્વીકાર્ય નથી.

નવી લોકસભાના પ્રથમ સત્રના પ્રથમ દિવસે I.N.D.I.A. ગઠબંધનના નેતાઓએ પોતાના હાથમાં બંધારણની કોપી લઈને લોકસભા ચેમ્બર સુધી માર્ચ કરી હતી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું વિપક્ષનો સંદેશ જનતા સુધી પહોંચી રહ્યો છે, તો રાહુલ ગાંધીએ કહ્યું કે, અમારો સંદેશ જનતા સુધી પહોંચી રહ્યો છે અને કોઈપણ શક્તિ ભારતના બંધારણનો વાળ પણ વાંકો ન કરી શકે અને અમે તેની રક્ષા કરીશું. કોંગ્રેસ ઉપરાંત DMK, તૃણમૂલ કોંગ્રેસ અને કેટલાક અન્ય વિપક્ષી દળોના સાંસદોએ પણ સંસદ સંકુલમાં સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

### હોલ ટિકિટના કારણે હેરાન થવાનો વારો આવ્યો

# રાજ્યમાં ધો.૧૦ અને ધો.૧૨ની પૂરક પરીક્ષાનો થયેલો પ્રારંભ

## પહેલા દિવસે જ વિદ્યાર્થીઓ અને વાલીઓને પડી મુશ્કેલી

ગાંધીનગર, તા.૨૪

વડોદરા સહિત રાજ્યમાં ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષાનો પ્રારંભ થયો હતો અને આજે પહેલા જ દિવસે વડોદરામાં વાલીઓ અને વિદ્યાર્થીઓને હોલ ટિકિટના કારણે હેરાન થવાનો વારો આવ્યો હતો.

ધો.૧૨ની પરીક્ષા શરુ થાય તે પહેલા કેટલાક વાલીઓએ અને વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો હતો કે, બે પેપરની પરીક્ષા માટે હોલ ટિકિટમાં બે સ્કૂલોનો ઉલ્લેખ કરાયો છે પણ કયા પેપર માટે કઈ સ્કૂલમાં પરીક્ષા આપવાની છે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો નહોતો.જેના કારણે કેટલાક વાલીઓ અને વિદ્યાર્થીઓ જીવન સાધના સ્કૂલ ખાતે પહોંચ્યા હતા અને સ્કૂલમાં કહેવામાં આવ્યું હતું કે આજના પેપરની પરીક્ષા પોલોગ્રાઉન્ડ ખાતે બરોડા સ્કૂલમાં આપવાની છે. વાલીઓએ કહ્યું હતું કે, પરીક્ષા ચાલુ થવાને થોડો જ સમય બાકી હતો અને અમારે એક સ્કૂલમાંથી બીજી સ્કૂલમાં દોડધામ કરવી પડી હતી.

સારું હતું કે, વિદ્યાર્થીઓને સ્કૂલમાં એન્ટ્રી મળી હતી. હોલ ટિકિટમાં કયું પેપર કયાં આપવાનુ છે તેની સ્પષ્ટતા બરાબર થવી જોઈએ. આ રીતે વાલીઓ અને વિદ્યાર્થીઓ હેરાન થાય તે યોગ્ય નથી.

### કોંગ્રેસ અધ્યક્ષે પીએમ પર વળતો પ્રહાર કર્યો છે

# મોદીએ ઈમરજન્સીની ૫૦મી તિથિના એક દિવસ પહેલા કોંગ્રેસ પર પ્રહારો કર્યા છે

## "આવતીકાલે ૨૫મી જૂન છે : ૨૫મી જૂને ભારતના લોકતંત્ર પર લાગેલા કલંકની ૫૦મી વર્ષગાંઠ છે : મોદી

નવી દિલ્હી, તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. વડાપ્રધાન મોદીએ આજે કટોકટીની ૫૦મી તિથિના એક દિવસ પહેલા તેની જાહેરાતને ભારતીય લોકશાહી પર "કાળા ડાઘ" તરીકે વર્ણવી હતી. ૧૮મી લોકસભાના પહેલા સત્ર પહેલા મીડિયાને સંબોધિત કરતા પીએમ મોદીએ કહ્યું કે, "આવતીકાલે ૨૫મી જૂન છે. ૨૫મી જૂને ભારતના લોકતંત્ર પર લાગેલા કલંકની ૫૦મી વર્ષગાંઠ છે.પીએમે વધુમાં કહ્યું કે, "ભારતની નવી પેઢી ક્યારેય ભૂલી શકશે નહીં કે ભારતના બંધારણને સંપૂર્ણપણે નકારી કાઢવામાં આવ્યું હતું, બંધારણના દરેક ભાગના ટુકડા કરવામાં આવ્યા હતા, દેશને જેલમાં ફેરવી દેવામાં આવ્યો હતો, લોકશાહીને સંપૂર્ણ રીતે દબાવી દેવામાં આવી હતી. આપણા બંધારણની સુરક્ષા, આપણી લોકતાંત્રિક પરંપરાઓ, ભારતના લોકો પ્રતિજ્ઞા લેશે કે ભારતમાં જે ૫૦ વર્ષ પહેલા કરવામાં આવ્યું હતું તે કરવાની કોઈ હિંમત નહીં કરે. આપણા સંવિધાન, ભારતની લોકશાહી અને લોકતાંત્રિક પરંપરાઓની રક્ષા કરતા દેશવાસીઓ પ્રતિજ્ઞા લેશે કે ૫૦ વર્ષ પહેલા જે કર્યું હતું તે કરવાની હિંમત ભારતમાં કોઈ ન કરે. અમે જીવંત લોકશાહીનો સંકલ્પ લઈશું. અમે ભારતના બંધારણના નિર્દેશો અનુસાર સામાન્ય લોકોના સપનાને સાકાર કરવાનો સંકલ્પ લઈશું." કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન મોદી પર વળતો પ્રહાર કરતા કહ્યું કે તમે ઈમરજન્સીની યાદ અપાવી રહ્યા છો, પરંતુ તેઓ છેલ્લા ૧૦ વર્ષની અઘોષિત ઈમરજન્સીને ભૂલી ગયા છે. ખડગે અન્ય વિપક્ષી નેતાઓ સાથે સંસદ પરિસરમાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા અને આ દરમિયાન તેમણે આ વાત કહી હતી. કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ કહ્યું, "તમે અમને ૫૦ વર્ષ જૂની ઈમરજન્સીની યાદ અપાવી રહ્યા છો, પરંતુ છેલ્લા ૧૦ વર્ષની અઘોષિત ઈમરજન્સીને ભૂલી ગયા છો. લોકોએ મોદીજી વિરુદ્ધ જનાદેશ આપ્યો છે. આમ છતાં જો તેઓ વડાપ્રધાન બની ગયા છે તો તેમણે કામ કરવું જોઈએ." ખડગેએ પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં આગળ કહ્યું, "વિપક્ષ અને ભારત જનબંધન સંસદમાં સર્વસંમતિ ઈચ્છે છે, અમે ગૃહમાં, રસ્તા પર અને બધાની સામે લોકોનો અવાજ ઉઠાવવાનું ચાલુ રાખીશું."

### સુરતમાં પાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરી સામે ઉઠ્યા સવાલો

# એક બાજુ વરસાદ શરૂ થયો ને બીજી બાજુ શહેરમાં ભૂવો પડ્યો

## સુરતમાં ગેસ સર્કલ નજીક પોલા રોડમાં ટ્રક ફસાઈ

સુરત, તા.૨૪

સુરત પાલિકાના પ્રિમોન્સુન કામગીરી સામે વરસાદ શરુ થતાની સાથે જ અનેક પ્રશ્નો ઉઠી રહ્યા છે. શહેરમાં સામાન્ય કહેવાતા વરસાદમાં પણ અનેક જગ્યાએ રસ્તા પોલા થવા કે ભુવા પડવાના બનાવ શરૂ થઈ ગયાં છે. આજે સવારે શહેરના ગુજરાત ગેસ સર્કલ નજીક પોલા રોડમાં બિલ્ડીંગ મટીરીયલ્સ ભરેલી ટ્રકનું એક પૈંડું ખુપી ગયું હતું. મુખ્ય રોડની બાજુમાં ટ્રક ફસાઈ છે તેમાંથી મટીરીયલ્સ બહાર કાઢવાનું કામ શરૂ થયું છે. તેનાથી ટ્રાફિકની સમસ્યા પર પણ અસર થાય તેવી શક્યતા નકારી શકાતી નથી.

સુરતમાં હજી માંડ વરસાદ શરૂ થયો છે અને આ વરસાદના કારણે સુરતીઓને ગરમીમાંથી રાહત મળે તે પહેલાં સુરતીઓના માથે વધુ એક આફત આવી રહી છે. સુરત પાલિકાની નબળી પ્રિમોન્સુન કામગીરીના કારણે અનેક જગ્યાએ પાણીના ભરાવા સાથે સાથે રોડ બેસી જવાની ઘટના પણ બની રહી છે. બે દિવસ પહેલા શહેરના અઠવા ઝોનમાં રસ્તાની વચ્ચે મોટો ભુવો પડ્યો હતો તેના કારણે વાહન ચાલકોને મુશ્કેલી થઈ હતી. સુરત પાલિકાના રાંદેર ઝોનમાં ગુજરાત ગેસ સર્કલથી ઋષભ ચાર રસ્તા પર જતાં રોડ પર આવેલા મુક્તાનંદ નગરમાં સવારે બિલ્ડીંગ મટીરીયલ (રેતી) ભરેલી એક ટ્રકનું પેંડું પોલા રોડમાં ખૂંપી ગયું હતું. રોડ વધુ પોલો હોવાથી ટ્રક એક તરફ નમી ગઈ હતી અને આ રોડ મુખ્ય રોડ સાથે જોડાયેલો હોવાથી ટ્રાફિક સમસ્યા શરૂ થઈ ગઈ હતી.

આ ટ્રકમાં રેતી ભરેલી હોય તેને કાઢવા શક્ય ન હોવાથી ટ્રકમાંથી રસ્તા પર રેતી કાઢીને તેને ખોલી કરીને કાઢવાનો પ્રયાસ શરૂ થયો છે જોકે, પીક અવર્સમાં આ ટ્રક ફસાઈ હોવાથી વાહન ચાલકોને મુશ્કેલી પડી હતી.

### કેજરીવાલને સુપ્રીમ કોર્ટમાંથી કોઈ જ રાહત મળી નથી

# હાઈકોર્ટમાંથી અરજી પાછી ખેંચી લો, પછી અમારી પાસે આવો : સુપ્રીમ

## દાખલ અરજીમાં દિલ્હી હાઈકોર્ટ દ્વારા જેલમાંથી મુક્ત થવા પર સ્ટે આપવાના ચુકાદાને પડકારવામાં આવ્યો હતો

નવી દિલ્હી, તા.૨૪

લીકર પોલીસી કોભાંડમાં જામીન પર સ્ટેની વિરુદ્ધ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી પર સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી હાથ ધરાઈ હતી. હાલ કેજરીવાલને સુપ્રીમ કોર્ટમાંથી કોઈ જ રાહત મળી નથી. કેજરીવાલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં દિલ્હી હાઈકોર્ટ દ્વારા જેલમાંથી મુક્ત થવા પર સ્ટે આપવાના ચુકાદાને પડકારવામાં આવ્યો હતો. જસ્ટિસ મનોજ મિશ્ર અને જસ્ટિસ એસવીએન ભટ્ટીની બેન્ચ સમક્ષ સુનાવણી દરમિયાન અરજદારે કહ્યું હાઈકોર્ટ તેમની અરજી એટલા માટે નથી સાંભળી રહ્યું કારણ કે આવો જ કેસ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે. સુપ્રીમ કોર્ટે આ અરજી પર સુનાવણી કરતા કહ્યું કે પહેલા હાઈકોર્ટમાંથી પોતાની અરજી પાછી ખેંચી લો, પછી અમારી પાસે આવો. હવે સુપ્રીમ કોર્ટ આ મામલામાં બુધવારે સુનાવણી કરશે, એટલે કે હાઈકોર્ટના ચુકાદાની રાહ જોવામાં આવશે. બુધવારે સુનાવણી પહેલા દિલ્હી હાઈકોર્ટનો આદેશ પણ આવી શકે છે. સુપ્રીમ કોર્ટે કેજરીવાલના જામીન પરનો વચગાળાનો સ્ટે હટાવવાનો ઈન્કાર કરતા કહ્યું કે આપણે દિલ્હી હાઈકોર્ટના ચુકાદાની રાહ જોવી જોઈએ. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જ્યારે હાઈકોર્ટે જ ચુકાદાનો અનામત રાખ્યો તો આ મામલે અમારી દખલગીરી યોગ્ય નથી. અમે હાલ આ અરજીને બુધવારે સુનાવણી માટે રાખીએ છીએ. કેજરીવાલના વકીલ સિંઘવીએ કહ્યું કે જ્યારે દિલ્હી હાઈકોર્ટ કોઈ પણ પ્રકારની ઓર્ડર કોપી અપલોડ કર્યા વગર સ્ટે લગાવી શકે છે, તો સુપ્રીમ કોર્ટ પણ હાઈકોર્ટનો આદેશ આવ્યા વગર તેની પર સ્ટે લગાવી શકે છે. સુનાવણી દરમિયાન કેજરીવાલના વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે હાઈકોર્ટનો સ્ટે, ન્યાય પ્રક્રિયાનું ઉલ્લંઘન છે. તે પછીથી જસ્ટિસ મનોજ મિશ્રાએ કહ્યું કે હાઈકોર્ટ આજે અથવા આવતીકાલે ચુકાદો આપે તેવી શક્યતા છે. સિંઘવીએ કહ્યું કે જો જામીન રદ થાય છે તો તેઓ ચોક્કસ જેલમાં જશે. જેવું સુપ્રીમ કોર્ટના વચગાળાના જામીન પછી થયું હતું. તેમનો ભાગવાનો ખતરો નથી. ધારો કે હાઈકોર્ટે અરજીને ફગાવી દીધી તો તે સમયની ભરપાઈ કઈ રીતે કરી શકાશે, જે કેજરીવાલે નીચલી કોર્ટમાંથી મળેલા જામીન પછી કોઈ પણ કારણ વગર જેલમાં કાઢ્યો છે.

### હજારો પાટીદારો ઉમટી પડ્યા

# મા ઉમિયાનું વધુ એક ભવ્ય મંદિર અમેરિકામાં બન્યું

## અમેરિકાના નેસવિલમાં ૨૨ એકર જમીનમાં ૮ મા શિખરબદ્ધ મંદિરનું નિર્માણ કરવમાં આવ્યું છે

નેસવિલ, તા.૨૪

અમેરિકાની ધરતી પર સૌથી વધુ પાટીદારો જઈને વસ્યા છે. અમેરિકાની ધરતી પણ મા ઉમિયા પ્રત્યેની પાટીદારોની આસ્થા અપરંપરા છે. ત્યારે મા ઉમિયાના આ ભક્તો હવે માતાના સાત સમુંદર પાર લઈ જઈ રહ્યાં છે. વિશ્વના ૧૩૨ દેશમાં વસતા કડવા પાટીદારોની કુળદેવી હવે અમેરિકાના નેસવિલ શહેરમાં બિરાજમાન થયા છે. અહી માતાજીના ભવ્ય શિખરબદ્ધ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. ત્રણ દિવસ માતાજીના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ આયોજિત કરાયો હતો.

નેસવિલ શહેરમાં ૨૨ એકર જમીનમાં ૮ મા શિખરબદ્ધ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. તારીખ ૨૧ થી ૨૩ જૂન દરમિયાન મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાની ભવ્ય ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે અમેરિકામાં વસવાટ કરતા ૨૫ હજાર કરતાં પણ વધારે પરિવારોએ ભાગ લીધો હતો. પહેલીવાર આટલી મોટી સંખ્યામાં પાટીદારો જોડાયા હતા તેવું મંદિરના પ્રમુખ અશોક પટેલે જણાવ્યું હતું.

ઉમિયા ધામ નેસવિલ ખાતે ૪૨ કડવા પાટીદાર સમાજની સાથે તમામ સમાજ સંકળાયેલા છે. આ મહોત્સવમાં મહિલા પાવર ગ્રૂપ દ્વારા વિવિધ કાર્યક્રમો આયોજિત કરાયા હતા. શ્રધ્ધાળુઓએ જય જય ઉમિયાના ગગનભેદી નારા લગાવ્યા હતા. ટેનીસી સ્ટેટ સહિત સમગ્ર અમેરિકામાં વસતા પાટીદાર પરિવારોમાં આનંદ, મંગલ અને ઉત્સાહ છવાયો હતો. અમેરિકાની ધરતી પર જય જય ઉમિયાના નાદ થતાં વાતાવરણ અલૌકિક અને ભક્તિમય બની ગયું છે. અમદાવાદ સહિતના વિવિધ વિસ્તારોમાં રહેતા પાટીદારોની પણ મોટી સંખ્યામાં નેશવિલ પહોંચ્યા હતા. ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦૦૧ શિખરબદ્ધ મંદિરની સ્થાપના કરવાનો દ્રઢ સંકલ્પ કરાયો હતો.

આ મંદિર પાટીદારોની આસ્થાનું કેન્દ્ર બની રહ્યું છે. મંદિરના પ્રમુખ અશોક પટેલે જણાવ્યું કે આ મંદિરના નિર્માણ માટે ૫૦ ગામના લોકોએ મોટું દાન કર્યું છે. આ દાનથી ભેગી થયેલી ૮૩ કરોડની રકમથી મંદિરનું નિર્માણ કરાયું છે. ભારતીય સંસ્કૃતિ જળવાઈ રહે, નવી પેઢી સંસ્કૃતિ સાથે સંકળાયેલી રહે તે હેતુથી આ મંદિરની સ્થાપના કરાઈ છે.

વર્ષ ૨૦૧૫ માં ઉમિયા માતાના મંદિરનો સંકલ્પ થયો હતો. ઓક્ટોબર, ૨૦૨૩ માં આ મંદિરનુ નિર્માણકાર્ય પૂરુ થયું હતું. મંદિરને બનાવવામાં કુલ ચાર વર્ષનો સમય લાગ્યો હતો. મંદિરને માતબર રકમનું દાન કરાયું છે. જેનો ઉપયોગ ભોજનાલય, લગ્ન પ્રસંગ માટે કરાશે. તેમજ અહીં વસેલા ગુજરાતીઓને ગુજરાતી ભાષા શીખવવા માટે કરાશે.

### જેપી નડ્ડાને રાજ્યસભામાં મળી મોટી જવાબદારી

# કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જેપી નડ્ડાને રાજ્યસભામાં ગૃહના નેતા બનાવાયા

નવી દિલ્હી, તા.૨૪

૧૮મી લોકસભાના પ્રથમ સંસદ સત્રમાં સોમવારે (૨૪ જૂન) સાંસદોએ શપથ લીધા છે. આ દરમિયાન કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જેપી નડ્ડાને રાજ્યસભામાં ગૃહના નેતા બનાવવામાં આવ્યા છે. ૧૮મી લોકસભાના પ્રથમ સત્રની પ્રથમ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, તેમના મંત્રી પરિષદના સભ્યો તેમજ અન્ય નવા ચૂંટાયેલા સભ્યોએ ગૃહના સભ્યો તરીકે શપથ લીધા હતા.કાર્યકારી સ્પીકર (પ્રોટેમ સ્પીકર) ભર્તૃહરિ મહતાબે ગૃહની કાર્યવાહી શરૂ કરીને સભ્યોને શપથ લેવડાવ્યા હતા. તાજેતરમાં પૂર્ણ થયેલી લોકસભા ચૂંટણી બાદ વડાપ્રધાન મોદી સતત ત્રીજી વખત સત્તામાં પરત ફર્યા છે. વડાપ્રધાન મોદી અને તેમના મંત્રીમંડળે ૯ જૂને શપથ લીધા હતા. વડાપ્રધાન મોદી ત્રીજી વખત વારાણસી લોકસભા સીટ પરથી ચૂંટાયા છે. કાર્યવાહી શરૂ થતાં જ નરેન્દ્ર મોદીએ ગૃહના નેતા તરીકે સૌપ્રથમ શપથ લીધા હતા.આ દરમિયાન, શાસક પક્ષના સભ્યોએ 'મોદી મોદી' અને 'જય શ્રી રામ'ના નારા લગાવ્યા હતા. જ્યારે વડા પ્રધાન શપથ લઈ રહ્યા હતા, ત્યારે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સહિત વિપક્ષના સભ્યો બંધારણની નકલો લઈને પોતપોતાની જગ્યાએ ઊભા થઈ ગયા હતા. ગૃહમંત્રી અમિત શાહ શપથ લેવા આવ્યા ત્યારે પણ વિપક્ષના સભ્યોએ હાથમાં બંધારણની નકલ પકડી રાખી હતી.ગૃહની કાર્યવાહી શરૂ થાય તે પહેલાં, મહતાબે રાષ્ટ્રપતિ ભવનમાં ગૃહના સભ્ય અને કાર્યકારી અધ્યક્ષ તરીકે શપથ લીધા હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તેમને શપથ લેવડાવ્યા હતા. વડા પ્રધાન મોદી પછી, ભારતીય જનતા પાર્ટી (BJP)ના વરિષ્ઠ સભ્યો રાધા મોહન સિંહ અને ફગ્ગન સિંહ કુલસ્તેએ સભ્યો તરીકે શપથ લીધા હતા. બંને સભ્યો આગામી બે દિવસ સુધી ગૃહની કાર્યવાહી ચલાવવામાં કાર્યકારી અધ્યક્ષ મહતાબને મદદ કરશે.સિંહ અને કુલસ્તેની સાથે કોંગ્રેસના સભ્યો કે સુરેશ, ડીએમકેના ટીઆર બાલુ અને તૃણમૂલ કોંગ્રેસના સુદીપ બંદોપાધ્યાયને પણ અધ્યક્ષાની પેનલમાં પસંદ કરવામાં આવ્યા છે, પરંતુ તેઓએ શપથ લીધા ન હતા. કોંગ્રેસે પ્રોટેમ સ્પીકર તરીકે મહતાબની ચૂંટણી સામે વાંધો ઉઠાવ્યો હતો. વિપક્ષી પાર્ટીનું કહેવું છે કે, તેના આઠ વખતના સભ્ય સુરેશને આ પદની ચૂંટણી માટે અવગણવામાં આવ્યા છે.

### કેનેડા સરકારે વિદેશી નાગરિકો માટે લીધો નિર્ણય

# કેનેડા સરકારે PDWP દ્વારા વિદેશી નાગરિકોના પ્રવેશ પર રોક લગાવી

## કેનેડામાં પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ માટેની અરજીઓ ૨૧ જૂન ૨૦૨૪ પછી બંધ કરવામાં આવી

ઓટાવા, તા.૨૪

કેનેડા સરકાર દ્વારા કેટલાક નિયમો બદલવામાં આવ્યા છે. કેનેડામાં એન્ટ્રી માટે પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ અસરકારક રહેશે નહીં. કેનેડા સરકારે PDWP દ્વારા વિદેશી નાગરિકોના પ્રવેશ પર રોક લગાવી છે. વિદેશી નાગરિક પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ માટેની અરજીઓ ૨૧ જૂન, ૨૦૨૪ પછી બંધ કરી દેવામાં આવી છે. કેનેડા સરકારે બોર્ડર સર્વિસ ઓફિસરોને કેનેડામાં પ્રવેશ માટે પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટની અરજીઓ પર વિચાર ન કરવા સૂચના આપી છે. કેનેડા સરકારના નિવેદન અનુસાર, વિદેશી નાગરિકો હવે બોર્ડર પર પોસ્ટ ગ્રેજ્યુએશન વર્ક પરમિટ માટે અરજી કરી શકશે નહીં. આ નિર્ણય તાત્કાલિક અસરથી અમલમાં આવશે.મળતા રીપોર્ટ અનુસાર, અરજદારો કેનેડામાંથી PGWP માટે અરજી કરી શકે છે જો તેમની સ્ટડી પરમિટની સમયસીમા સમાપ્ત થઈ નથી. અરજદારો કે જેઓ તેમની વર્ક પરમિટ માટે અરજી કરે છે જ્યારે તેમની સ્ટડી પરમિટ હજુ પણ માન્ય હોય તેમને વર્ક પરમિટની અરજી પર નિર્ણય બાકી હોય ત્યાં સુધી પરમિટ વિના કામ કરવાની મંજૂરી આપવામાં આવી શકે છે. આ નિયમ એવા વિદેશી નાગરિકને લાગુ પડતો નથી કે જેમણે તેમની સ્ટડી પરમિટ લંબાવવા માટે અરજી કરી છે અને અભ્યાસ કરી રહ્યા છે, અને તેઓને પાત્ર બનવા માટે તેમને નવો સ્ટડી પરમિટ મળે ત્યાં સુધી રાહ જોવી પડશે. અરજદારો કે જેમની સ્ટડી પરમિટ અમાન્ય બની જાય છે અથવા વર્ક પરમિટ માટે અરજી કરતાં પહેલાં સમયસીમા સમાપ્ત થઈ જાય છે તેઓ કેનેડામાંથી અરજી કરવા પાત્ર રહેશે નહીં.કેનેડાની વર્ક પરમિટ વિશે જાણીએ તો જે અરજદારો પાસે કેનેડામાં વર્ક પરમિટ માટે અરજી કરવાની ક્ષમતા નથી તેઓ કેનેડાની બહાર પ્રક્રિયા કરવા માટે તેમની અરજી ઈલેક્ટ્રોનિક રીતે સબમિટ કરી શકે છે. જો તેઓ કેનેડામાં રહેતા હોય તો અરજદારો ઈલેક્ટ્રોનિક રીતે અરજી સબમિટ કરી શકે છે. જ્યાં સુધી તેઓ વાસ્તવિક વર્ક પરમિટ ન મેળવે ત્યાં સુધી તેઓએ મુલાકાતીઓ તરીકેની તેમની સ્થિતિ જાળવી રાખવી જોઈએ. જો કે, તેઓ તેમની PGWP અરજી પર નિર્ણયની રાહ જોતી વખતે કામ કરવા માટે પાત્ર નથી.કેનેડામાં પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ કોઈપણ વ્યક્તિને તેમનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી કેનેડામાં રહેવા અને કામ કરવાની મંજૂરી આપે છે. પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ તમને કેનેડામાં રહેવાની અને કેનેડિયન પોસ્ટ-સેકન્ડરી સંસ્થામાંથી સ્નાતક થયા પછી ૩ વર્ષ સુધી પૂર્ણ-સમય કામ કરવાની મંજૂરી આપે છે. કેનેડામાં અનુસ્નાતક વર્ક પરમિટ માટે અરજી કરવા પાત્ર બનવા માટે તમે ઓછામાં ઓછા ૮ મહિનાના શિક્ષણ કાર્યક્રમમાંથી સ્નાતક થયા હોવ, કેનેડિયન યુનિવર્સિટીમાં અંડરગ્રેજ્યુએટ અથવા ગ્રેજ્યુએટ પ્રોગ્રામ પૂર્ણ કર્યો હોવો જરૂરી છે. તમારે પરમિટ માટે તમારા અંતિમ ગુણ જાહેર થયાના ૧૮૦ દિવસની અંદર વર્ક પરમિટ માટે અરજી કરવી આવશ્યક છે

# હવે ઘઉંનો સંગ્રહ કરવો વેપારીઓને મોંઘો પડશે

નવી દિલ્હી, તા.૨૪

ઘઉંના વધતા ભાવને લઈને સરકાર હવે સક્રિય થઈ ગઈ છે. ઘઉંના સંગ્રહને રોકવા માટે સરકારે સોમવારે તેના સ્ટોકની મર્યાદા નક્કી કરી છે. સરકારે આ લિમિટ રિટેલર્સ, હોલસેલર્સ, પ્રોસેસર્સ અને મોટા ચેઈન રિટેલર્સ માટે ઘઉંના સંગ્રહ પર આ મર્યાદા લગાવી છે. ભાવ સ્થિરતા જાળવવા અને સંગ્રહખોરી રોકવા માટે સરકાર દ્વારા આ પગલું લેવામાં આવ્યું છે. કેન્દ્રીય ખાદ્ય સચિવ સંજીવ ચોપરાએ સોમવારે જણાવ્યું હતું કે સિંગલ રિટેલર્સ, મોટા ચેઈન રિટેલર્સ, પ્રોસેસર્સ અને હોલસેલર્સ દર શુક્રવારે તેમની પાસે સંગ્રહિત ઘઉંના સ્ટોકનો ખુલાસો કરશે.સમાચાર મુજબ ચોપરાએ કહ્યું કે સરકાર દેશમાં ઘઉંની અછતને દૂર કરવા માગે છે. તેમણે એમ પણ કહ્યું કે અત્યારે ઘઉંની નિકાસ પર કોઈ પ્રતિબંધ નથી અને ખાંડની નિકાસ પરના પ્રતિબંધની સમીક્ષા કરવાનો કોઈ પ્રસ્તાવ નથી. તેમણે કહ્યું કે અમે ઈચ્છીએ છીએ કે ઘઉંના ભાવ સ્થિર રહે.ચોપરાએ વધુમાં જણાવ્યું હતું કે જથ્થાબંધ વેપારીઓ માટે સ્ટોક મર્યાદા ૩,૦૦૦ ટન હશે, જ્યારે પ્રોસેસર્સ માટે તે પ્રોસેસિંગ ક્ષમતાના ૭૦ ટકા હશે. તેમણે કહ્યું કે મોટા ચેઈન રિટેલર્સ માટે આ મર્યાદા ૧૦ ટન પ્રતિ આઉટલેટ હશે, જેની કુલ મર્યાદા ૩,૦૦૦ ટન હશે અને સિંગલ રિટેલર્સ માટે આ મર્યાદા ૧૦ ટન રહેશે.ચોપરાએ જણાવ્યું હતું કે ઘઉં સહિત આવશ્યક ચીજવસ્તુઓના ભાવ વધી રહ્યા હોવાના તાજેતરના મીડિયા અહેવાલોને ધ્યાનમાં રાખીને સ્ટોક લિમિટ લગાવવામાં આવી છે. આ ઉપરાંત સંગ્રહખોરી ઘટાડવા માટે સ્ટોક લિમિટ લગાવવામાં આવી છે. તેમણે કહ્યું કે ૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ ઘઉંનો પ્રારંભિક સ્ટોક ૮૨ લાખ ટન હતો, જ્યારે ૧ એપ્રિલ, ૨૦૨૪ના રોજ તે ૭૫ લાખ ટન હતો. તેમણે કહ્યું કે ગયા વર્ષે ૨૬૬ લાખ ટનની ખરીદી કરવામાં આવી હતી, જ્યારે આ વર્ષે સરકારે ૨૬૨ લાખ ટનની ખરીદી કરી છે અને હજુ પણ ખરીદી ચાલુ છે. તેથી ઘઉંની અછત (પ્રારંભિક સ્ટોકમાં) માત્ર ત્રણ લાખ ટનની જ છે.

# કાલાવડના મૂળિયા ગામમાં ભારે વરસાદથી પુલ તૂટ્યો

જામનગર , તા.૨૪

જામનગરના કાલાવડના મૂળિયા ગામે ભારે વરસાદને કારણે મૂળિયા ગામનો પૂલ તૂટ્યો હતો. પૂલ તૂટી જતા અનેક ગામ વચ્ચેનો સંપર્ક કપાયો છે તો બીજી તરફ પૂલ તૂટી જતા બાળકોને લઈને જઈ રહેલી સ્કૂલ બસ પણ ફસાઈ હતી. જેમા બાળકો પણ અટવાયા હતા. ઘટનાની જાણ થતા જ આસપાસના ગ્રામજનો દોડી આવ્યા અને તેમણે બાળકોનું રેસક્યુ કર્યુ હતુ.જામનગરમાં એક ઈંચ વરસાદમાં જ ઠેર ઠેર પાણી ભરાઈ ગયા છે. બે વિસ્તારોને જોડતા જકાતનાકા રરોડ પર પાણી ફરી વળ્યા છે. આ ઉપરાંત કોલેજ, હોસ્પિટલ, ઍરફોર્સના વિસ્તારને જોડતા રોડ પર પાણી ભરાતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. શાળાએ જતા બાળકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.આ તરફ કાલવડ તાલુકાના મૂળિયા ગામનો પૂલ તૂટ્યો હતો. ભારે વરસાદ પડતા મૂળિયા ગામની નદીમાં પૂર આવ્યુ હતુ અને પૂલ ધરાશાયી થયો હતો. પૂલ તૂટી જતા બાળકોને લઈને જઈ રહેલી સ્કૂલ બસ પણ ફસાઈ હતી. જે બાદ આસપાસના ગ્રામજનોએ લોકોનું રેસક્યુ કર્યુ હતુ. પૂલ તૂટવાને કારણે અનેક ગામો વચ્ચેનો સંપર્ક કપાયો છે અને લોકોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

આ અંગે સ્થાનિકો દ્વારા અનેક વખત રજૂઆત બાદ પણ રસ્તો ન બનાવતા રોષ ફેલાયો છે. જો કોઈ દુર્ઘટના સર્જાઈ હોત તો જવાબદાર કોણ રહેત! શું દુર્ઘટના ઘટે તો જ તકેદારીના પગલા લેવાય? પાણી પહેલા પાળ બાંધવામાં તંત્ર કેમ હંમેશા ઉણુ ઉતરે છે તેવા સવાલ ઉઠી રહ્યા છે.

# રાજુલા શહેરમાં સર્વ રોગ તથા નેત્ર નિદાન યજ્ઞ કેમ્પ યોજાયો



રાજુલા શહેરમાં કે એસ આઈ જમાત રાજુલાદ્વારા શહીદે કરબલાની યાદમાં જોલી ટ્રેડ ઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડ રાજકોટનાં સહયોગથી અને હનુમંત હોસ્પિટલ મહુવાનાં સંયોજકથી એક ભવ્ય સર્વ રોગ તથા નેત્ર નિદાન યજ્ઞ કેમ્પનું આયોજન રાજુલા શહેરમાં અબ્બાસી હોલ ખોજા શિઆ જમાત ખાતે આયોજન કરવામાં આવેલું હતુ. આ કેમ્પમાં મહુવા હનુમંત હોસ્પિટલનાં સ્પેશિયાલિસ્ટ ડોક્ટરએ પોતાની સેવા આપેલી. જેમાં આંખનાં ડોક્ટર મૌલિક વૈશ્વ ફિઝિશિયન ડોક્ટર એમ એ સુંદરણી તેમજ સ્ત્રી રોગ નિષ્ણાત ડોક્ટર રિતિકા ગણાત્રા કિડની અને પથરીનાં ડોક્ટર પ્રશાંત સર્વદે કાન નાક અને ગળાનાં ડોક્ટર વિપુલ વળ્યા દાંતનાં સ્પેશ્યાલિસ્ટ ડોક્ટર મીત જોશી તેમજ જનરલ સર્જન ડોક્ટર એમ એમ કુરેશી સહિતની ડોક્ટરોની ટીમે આ કેમ્પમાં પોતાની સેવા આપેલી. કાર્યક્રમની શુભ શરૂઆત આમંત્રિત મહેમાનો તેમજ આમંત્રિત ડોક્ટરોનાં હસ્તે દિપ પ્રાગટ્ય કરી અને આ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલો. આ કાર્યક્રમમાં રાજુલા શહેરનાં નામાંકિત વેપારીઓ ચેમ્બર ઓફ કોમર્સનાં હોદ્દેદારો તેમજ વિવિધ સંસ્થાનાં આગેવાનો તેમજ રાજુલા શહેરના અગ્રણી આગેવાનો તેમજ સર્વ સમાજનાં અગ્રણીઓ સાથે સાથે રાજુલા શહેરનાં પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર તેમજ રાજુલા નગરપાલિકાનાં પૂર્વ પ્રમુખ દીપક ઠક્કર સહિત અગ્રણીઓએ હાજરી આપેલી.આ નિદાન કેમ્પમાં અંદાજીત ૫૦૦ જેટલા દર્દીઓએ લાભ લીધેલ છે અને મોતિયાનાં ઓપરેશનની જરૂર પડશે. તેઓને તદ્દન નિઃશુલ્કપણે ઓપરેશનની વ્યવસ્થા પણ કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમમાં દવા તેમજ સારવાર માટેનાં થતા ખર્ચનાં મુખ્ય દાતા જોલી ટ્રેડ ઈનફ્રા પ્રાઈવેટ લિમિટેડ રાજકોટનાં સહયોગથી આ કાર્ય કરવામાં આવેલ છે સાથે જોલી ટ્રેડ ઈનફ્રા પ્રાઈવેટ લિમિટેડ કંપની દ્વારા હનુમંત હોસ્પિટલને રૂપિયા એક લાખનું યોગદાન રાજુલા આ કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનોની રૂબરૂમાં અને સાથે સમાજનાં તમામ લોકોનાં હસ્તે આ રકમ માટે આ યોગદાનની જાહેરાત કરવામાં આવી.ત્યારે આ કાર્યક્રમમાં પધારેલ પૂર્વ ધારાસભ્ય અમરીશ ડેરે પણ આ કાર્યક્રમનું આયોજન કરવા માટે રાજુલા કે.એસ.આઈ જમાત તેમજ જોલી ટ્રેડ ઈનફ્રા પ્રાઈવેટ લિમિટેડ કંપનીને આ કાર્યકમ માટે અભિનંદન પાઠવેલ છે.રાજુલા શહેરનાં આ કાર્યક્રમમાં એક જ સ્ટેજ પર દરેક સમાજનાં લોકો અને દરેક રાજકીય આગેવાનો એકત્રીત થયા હોય તેવી આ પ્રથમ બાબત છે કે જેમાં લોકોએ હાજરી આપી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે વિનુદાદા વોરા અને રાજુલા કે એસ.આઈ જમાતનાં ચેરમેન હાજી આરીફ ઝૈન પ્રેસિડેન્ટ આશિક મુની જમાતસ બોડ તેમજ યુવાનો દ્વારા ભારે ઝહેમત ઉઠાવવામાં આવેલ અને આજે નિદાન કેમ્પ અને નેત્ર નિદાન કેમ્પ સફળ બનાવવામાં આવેલ છે.

### નિલેશભાઈ લંગાળિયાને બઢતી

## અમરેલીના હેડ કોન્સ્ટેબલને એએસઆઈ તરીકે બઢતી મળી

### પીએસઆઈ દ્વારા શુભકામના પાઠવાઈ

અમરેલી, તા.૨૪

અમરેલી સિટી પોલિસ સ્ટેશનમાં અનાર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા પોલીસ કર્મચારી નિલેશભાઈ વિરાભાઈ લંગાળિયાને અમરેલી જિલ્લા પોલીસ વડા હિમકર સિંહ દ્વારા અનાર્મ હેડ કોન્સ્ટેબલમાંથી આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટરનું પ્રમોશન આપવામા આવતા અમરેલી સિટી પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ એચ.જી.મારૂ તથા પી.એસ.આઈ. કે.કે.ઓડેદરા દ્વારા નિલેશભાઈને એ.એસ.આઈ.નું પ્રમોશન મળવા બદલ શુભકામનાઓ પાઠવીહતી.



## અમરેલીનાં કોંગી અગ્રણીએ નવોદય તથા બાલાછડી પરીક્ષામાં પ્રથમ ક્રમાંક મેળવતી વિદ્યાર્થીનીનું સન્માન કર્યુ

અમરેલી, તા. ૨૪

તાજેતરમાં જ ધોરણ પાંચમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના નવોદય તથા બાલાછડી સૈનિક સ્કૂલમાં અભ્યાસમાં જવા માટે પરીક્ષા લેવામાં આવેલ હતી, જેમાં એન્જલ રાજેશભાઈ ઘોડાસરા નવોદય તથા બાલાછડી સૈનિક સ્કૂલની પરીક્ષામાં પ્રથમ ક્રમાંક મેળવીને જવલંત સફળતા પ્રાપ્ત કરેલ હતી, જે બદલ એન્જલ ઘોડાસરાને અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરી તથા ઉપપ્રમુખ વિપુલ પોકીયા તથા મહામંત્રી ચેતન વામજા દ્વારા શીલ્ડ આપીને સન્માનિત કરવામાં



આવેલ હતી, આ તકે શાળાના સંચાલકો હરેશભાઈ દેસાઈ તથા ધર્મેશભાઈ દેસાઈ તથા શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

### હાસ્યકાર ડો. જગદિશ ત્રિવેદીનાં કાર્યક્રમ થકી

## ટીબીની નિર્દોષાનંદજી હોસ્પિટલ માટે અમેરિકામાં ૧૧.૨૦ લાખ અનુદાન એકત્ર થયું

### હોસ્પિટલનાં ટ્રસ્ટીઓએ દાતાઓનો આભાર માન્યો

ટીબી, તા. ૨૪

ટીબી તદન નિઃશુલ્ક આરોગ્ય સેવાઓ પ્રદાન કરતી સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીબી (જી.ભાવનગર)ના લાભાર્થે અમેરીકાના વોશિંગટન ડીસીમાં તા. ૦૭– જૂન ૨૦૨૪ નાં રોજ સામાજીક પ્રવૃતિમાં અગ્રેસર એવા કિરીટભાઈ ઉદેશી તથા શ્રીમતી માલાબેન ઉદેશી દ્વારા આયોજીત કરૂણાવાન હાસ્યરસ ડો. જગદિશભાઈ ત્રિવેદી (પદ્મશ્રી)નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૧૩,૫૦૦ ડોલર કે જેના અંદાજીત રૂપિયા ૧૧.૨૦ લાખનું અનુદાન પ્રાપ્ત થયેલ છે.આ કાર્યક્રમ માટે યુનિવર્સિટી દ્વારા વિનામૂલ્યે હોલની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉપરાંત ઉપસ્થિત સૌ માટે ઉર્વશીબેન અને



મનિષભાઈ શાહ દ્વારા નાસ્તા, ચા–પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ અને તેમજ કાર્યક્રમને સફળ બનાવવા માટે રોહિતભાઈ રાજપરા (ઢસાગામ), જીલ વોરા અને ચિનમય જોષીએ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમમાં સહયોગ આપવા બદલ ડો. નટુભાઈ રાજપરા (બાલટીમોર) એ સૌનો આભાર માન્યો હતો.

## ખાંભા પોલીસ સ્ટેશનમાં વિદાય કાર્યક્રમ યોજાયો




અમરેલી, તા.૨૪

ખાંભા પોલીસ સ્ટેશનમાં ઉમદા કામગીરી કરનાર તેમજ પોલીસ સ્ટાફ અને ખાંભા શહેરના વેપારીઓ તેમજ લોકોમાં ખુબ જ લાગણી ધરાવનાર પોલીસ સબ ઈન્સપેકટર કે.ડી.હડીયાની રાજુલા ખાતે બદલી થતાં બદલી વાળી જગ્યાએ હાજર થવાં છુટા કરવામાં આવતાં પોલીસ સ્ટાફ દ્વારા પુષ્પગુચ્છ, શાલ તથા મોમેન્ટો અર્પણ કરી વિદાય આપવામાં આવેલ.

આ તકે પી.એસ.આઈ કે.ડી.હડીયાએ ખાંભા પોલીસ સ્ટાફનો ખુબ ખુબ આભાર માનેલ.તેમજ ખાંભા પોલીસ સ્ટેશનનો ચાર્જ પો.સબ.ઈન્સ. આર.જી ચૌહાણે સંભાળતા પુષ્પ ગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ.આ વિદાય કાર્યક્રમમાં અમરેલી જિલ્લા ભાજપ યુવા પુર્વ પ્રમુખ આનંદભાઈ ભટ તથા ખાંભા બાર એસોશીએશનના સેક્રેટરી રાજુભાઈ હરીયાણી તથા સરપંચ બાબુભાઈ માંગાણી તથા ક્રિષ્ના હોસ્પિટલના ડો.કે.બી.આહીર તથા કલરવ હોસ્પિટલના ડો.વાસુરભાઈ ચોપરા, ખડાધાર ગામના આગેવાન ભરતભાઈ સખવાળા, ભાણીયા ગામના સરપંચ ભગતભાઈ તેમજ પોલીસ સ્ટાફના એ.એસ.આઈ બી.એમ.વાળા તથા ભીખુભાઈ ચોવટીયા, નાગજી ભાઈ સોલંકી, મિતેશભાઈ વાળા તથા રાજુભાઈ બોદર વિગેરે પો.સ્ટાફ હાજર રહેલ હતા.

## કુંકાવાવ ખાતે જીલ્લા સંઘના સહયોગથી નેત્રયજ્ઞ યોજાયો



મોટી કુંકાવાવ, તા.૨૪

મોટી કુંકાવાવ મુકામે અમરેલી જીલ્લા સંઘના ચેરમેન તેમજ ગુજરાત યુવા ભારતીય જનતા પાર્ટીના ઉપપ્રમુખ મનીષભાઈ સંઘાણીના જન્મદિન નિમિતે સુદર્શન નેત્રાલય અમરેલીના સહયોગથી મોટી કુંકાવાવના બ્રહ્મપેલેસ મંદિર ખાતે વિનામૂલ્યે નેત્રનિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પનું આયોજન કરેલ આ કેમ્પમાં ઉપસ્થિત મનીષભાઈ સંઘાણી, બ્રહ્મપેલેસ મંદિરનાં ટ્રસ્ટી સવજીભાઈ બાબરીયા, આયોજક સંજયભાઈ સુખડીયા, સુદર્શન નેત્રાલયના એરીયા મેનેજર નીલેશભાઈ ભીલ, ડો. હર્ષિત ગોસાઈ, સુદર્શન નેત્રાલયનો સ્ટાફ તેમજ રાજકીય, સામાજીક આગેવાનો વસંતભાઈ સોરઠીયા, અરવિંદભાઈ કાનાણી, વિપુલ બાબરીયા, દેવરાજ માંડણકા, બાબુ સોરઠીયા, પિયુષ સોરઠીયા, પરેશ ટાઢાણી, વિપુલભાઈ પાચાણી, કિશોર દેસાઈ, જયંતી ગેવરીયા, અભીગેવરીયા, દિક્ષિત દેસાણી, વનરાજ લાખાણી, અશોક માથુકીયા, જીતેન્દ્ર દવે, યોગેશ દવે, જગદિશ મુંગણા, રાકેશ બાબરીયા, નિલેશ કુનડીયા, કાંતીભાઈ ભેસદડીયા, દેવમુરારીબાપુ, મહેશભાઈ તેમજ કુંકાવાવ તાલુકાના સહકારી તેમજ રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ મનિષ સંઘાણીને ભગવાન નિરોગી દિર્ઘ આયુષ્ય તેમજ ઉતરોતર પ્રગતી કરાવે તેવી પ્રાર્થના કરી શુભકામના પાઠવેલ હતી. તે રાજેશભાઈ સુખડીયાની યાદીમાં જણાવેલ છે.

## સમગ્ર દેશના શૈક્ષિક સંકૂલોને હરિયાળા બનાવવા રાષ્ટ્ર વ્યાપી ઝુંબેશ ચલાવો

અમરેલી, તા.૨૪

રાજેશ જે. ભાતેલીયા, પૂર્વ મેમ્બ એન્ટીરેગીંગ કમિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ સમગ્ર દેશની તમામ યુનિવર્સિટી તમામ કોલેજ,તમામ સ્કૂલના કેમ્પસ હરિયાળા બને તે માટે રાષ્ટ્ર વ્યાપી ઝુંબેશ ચલાવવામાં આવે અને તેને સફળતા પ્રાપ્ત થાય તે માટે નકકર પગાલ લેવામાં આવે. દેશીકુળ ના વૃક્ષો ઉગાડવામાં આવે, સાથે સાથે ઔષધિય અને ફળા વૃક્ષોને વિશેષ મહત્વ આપવામાં આવે. દરવર્ષે શ્રેષ્ઠ શૈક્ષણિક સંકુલની રાજય લેવલ, રાષ્ટ્રિય લેવલે સ્પર્ધા યોજવામાં આવે. જે શૈક્ષણિક સંસ્થાનુ સંકુલ સૌથી વધુ હરિયાળુ હોય, ફળાઉ અને ઔષધિય વૃક્ષ હોય અને બાળકો તેનાથી ખુશ હોય અને તેમો લાભ બાળકોને મળતો હોય તેવા શૈક્ષણિક સંકુલને કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા એવોર્ડ અને પુરસ્કાર આપવાની નવી યોજના બનાવી કાર્યરત કરવા કેન્દ્ર અને રાજય સરકારને પત્ર પાઠવી નમ્ર સુચનો કર્યા છે. તમામ શૈક્ષણિક સંસ્થાના બાળકો વિવિધ પ્રકારની ઔષધિય ગુણો ધરાવતા વૃક્ષો, છોડ, વેલાથી અવગત થાય તે માટે તેઓને ઔષધિય છોડનો પરિચય,તેની ઉપયોગીતા અને તેના ઔષધિય ગુણો અંગે વાકેફ કરવામાં આવે અને આ માટે નિષ્ણાંતને બોલાવી અને તેઓ સામે વૃક્ષો, છોડ, વેલા પાસે લઈ જઈ અને જ્ઞાન આપવામાં આવે.

રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીથી ટી.એન.રાવ કોલેજ તરફ જતો રસ્તો ખૂબ જ કાચો છે. તેમજ ચોમાસામાં ટી.એન.રાવ કોલેજ–રાજકોટ જતા –આવતા વિદ્યાર્થીઓ તેમજ આસપસા રહેતા રહીશો તેમજ હોસ્ટેલમાં આવતા જતા વિદ્યાર્થીઓને ભારે તકલીફ પડતી હોય, આ રોડનું કામ યુનિવર્સિટી પાસેથી રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશન–'' નો–ઓબ્જેકશન'' લઈને તાત્કાલીક પાકો લાંબાસમય સુધી ટેક તેવો ટકાઉ સીમેન્ટ રોડ બનાવી આપે અને યુનિવર્સિટી, રાજકોટ મહાનગરપાલિકાને વિના વિલંબે '' નો–ઓબ્જેકશન'' આપે તે વોર્ડ નં.૯માં આવે છે. તેમજ રાજકોટ શહેરમાં જેટલા રોડ ઉપરના ગોળ, લંબગોળ કે અન્ય મોટા સર્કલ આવેલ/કરેલ છે તેને ખૂબ જ નાના કરવામાં આવે અને જેનાથી ટ્રાફિક સમસ્યા નિવારી શકાય તેમજ રાજકોટમાં ડીવાઈડર વચ્ચે વિવિધ પ્રકારના ઔષધિય વૃક્ષો જેના થડ મોટા ન થતા હોય તેવા વાવવામાં આવે અને રોડની બંને તરફ વિવિધ પ્રકારના ફળો આપતા તથા ઔષધિય વૃક્ષો વાવવામાં આવે.જે રોડનું આયુષ્ય વધુમાં વધુ જોવા મળ્યુ હોય તેવા જ રોડનુ નિર્માણ કરવામાં આવે, જેથી કરીને વારંવાર રીપેરીંગ કરવાની કે રોડ નવો બનાવવાની જરૂર ન પડે. એટલે કે ઓછા ખર્ચે સારૂ કામ આપતી ટેકનોલોજીને મહત્વ આપવામાં આવે. જયાં રોડ બનાવવાનો હોય ત્યાં અગાઉ રોડ ખોદવાના કામો ખાનગી કંપની દ્વારા કે સરકારી ખાતા દ્વારા કરાવી લેવામાં આવે. આ અંગેનો સુચના પ્રેસનોટ દ્વારા અગાઉથી વર્તમાનપત્રમાં પણ આપવામાં આવે. જેથી રોડ બન્યા બાદ તેને ફરીથી તોડવાની જરૂર ન પડે. રોડ બન્યા બાદ ઓછામાં ઓછા પાંચ વર્ષ કોઈપણ ખોદકામ કરવાની મંજુરી આપવી જોઈએ નહી. તે માટે રાજય લેવલના સજેશન છે, વિનંતી છે, ફરિયાદ નથી.દેશની તમામ મહાનગર પાલિકા, નગર પાલિકા, તાલુકા તેમજ જિલ્લા પંચાયત તેમજ ગ્રામપંચાયત વિગેરે વરસાદી પાણીને મહતમ માત્રામાં નિરંતર જમીનમાં સમગ્ર એરીયામાં ઉતરે તે માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવે તથા વરસાદી પાણીનો મહતમ માત્રમાં સંગ્રહ સમગ્ર દેશમાં ખુણે ખુણે નિરંતર સંગ્રહ થતો રહે તેવા સતત પ્રયત્નો કરવામાં આવે, તેમ તમામ મહાનગર પાલીકા જયારે પાણી વિતરણ થતુ હોય તે સમયે વિજ પુરવઠો જે તે વિસ્તાર પુરતો બંધ કરવામાં આવે. જેથી કરીને તમામ પુરતા પ્રમાણમાં પુરતા ફોર્સથી પાણી મળતુ રહે જેથી કરીને ઉનાળામાં ઘરે ઘરે જોવા જવુ નથી પડે અને દરેશને પુરતુ પાણી મળ તુ રહેશે. વરસાદી પાણી અંગે તેમજ પર્યાવરણ જાગૃતિ, વધુ વૃક્ષો વાવવા અપીલ, પ્રદુષણ નિવારણ, ઔષધિવનોનુ નિર્માણ અંગે જનજાગૃતિનુ કામ કરતા ભાઈ–બહેનોને, સ્વૈચ્છિક સંસ્થાને સામે ચાલીને અરજી વગર રૂા.૫૦,૦૦૦/– નો પુરસ્કાર અને એવોર્ડ જિલ્લા સ્તેર અને રાજય સ્તરે રૂા.૧,૦૦,૦૦૦/– નો પુરસ્કાર અને એવોર્ડ આપવામાં આવે. તેમજ આ બાબતે સોશ્યલ મીડીયાને પણ ધ્યાને લેવામાં આવે. હાલ આવી યોજના ન હોય, નવી યોજના બનાવવામાં આવે.

સમગ્ર દેશની મહાનગ પાલીકા તથા નગરપાલિકા દ્વારા વરસાદી પાણીનો મહતમ પ્રમાણમા સંગ્રહ થાય અને વરસાદી પાણીને મહતમ માત્રામાં જમીનમાં ઉતારવામાં આવે.તે માટે સઘન પ્રયાસો દર વર્ષે કરવામાં આવે. અને દરેક વોર્ડમાં સોસાયટી દ્વારા પણ આ દિશામાં કાર્ય થાય અને દરવર્ષે દરેક વોર્ડમાં આ માટેની સ્પર્ધા રાખવામાં આવે. જેમાં મહતમ માત્રામાં વરસાદી પાણીને જમીનમાં ઉતારનારનું તથા વરસાદી પાણીનો મહતમ માત્રામાં સંગ્રહ કરનારને તથા આ અંગેનું જનજાગૃતિનુ કામ કરનારને રૂા.૫૦,૦૦૦/–નું પુરસ્કાર અને એવોર્ડ આપવામાં આવે. આ એવોર્ડ દરવર્ષે ૧૦ વ્યકિતઓને આપવામાં આવે.જે નિવૃત અને વર્તમાન કર્મચારી/અધિકારીને એક સંતાન અથવા બે દિકરી હોય તેઓ પાસેથી અરજી માંગી તેઓના સંતાને સ્થાનિક પસંદગીની મહાનગરપાલિકાની કચેરી અથવા સરકારી કચેરી ખાતે પસંદગીની જગ્યાએ વિશેષ લાભો સાથે નિમણુંક કરવામાં આવે અને આ માટેની અરજી મંગાવવાની જવાબદારી કચેરીના વડાની ફીકસ કરવા વિનંતી છે. આ માત્ર વિનંતી છે, સજેશન છે,સુચન છે, ફરિયાદ નથી. તેમજ કાગળ/પેપર ઉપર તમામ પ્રકારનો ટેક્ષ નાબુદ કરવામાં આવે તે માટે વિનંતી છે.કેન્દ્ર સરકારી દતોપંત ઠેંગણી કામદાર શિક્ષણ કેન્દ્ર, બી.એસ.એન.એલ., આકાશવાણી દૂરદર્શન, રેલ્વે, તમામ બેંકો તથા સમગ્ર દેશની મહાનગરપાલિકામાં વર્ગ ૨થી૪ની ભરતી દર વર્ષે કરવામાં આવે, વહીવટી ખર્ચ ઘટાડવા તમામ સરકારી ઈમારતોમાં સોલાર રૂફટોપ લગાડવામાં આવે. તેમજ ઓફલાઈનને વિશેષ મહત્વ આપવા અને તમામ પ્રકારના મહત્વના નિર્ણયમાં પ્રજાને સામેલ કરવા અને મહત્વની બાબતોમાં જનતાના સુચનો તથા અભિપ્રાય માંગવામાં આવે. ઉતમ સુચન અને અભિપ્રાય આપનારને રોકડ પુરસ્કાર આપવામાં આવે અને તમામ ડીપાર્ટમેન્ટ દ્વારા સાદગી અને માનવતાને મહત્વ આપવામાં આવે. આ માત્ર વિનંતી છે, આ માત્ર રાજય કક્ષાના સજેશન છે, સુચન છે, જરૂર પડે નવી યોજના બનાવવા વિનંતી, ફરિયાદ નથી.

–રાજેશ જે.ભાતેલીયા


:: બગસરાની જાહેર જનતા જોગ ::

બગસરા સફાઈ કર્મચારીઓ દ્વારા ચાલતી હડતાલનો સુખદ અંત આવેલ છે, જેમાં બગસરા નગરપાલિકા દ્વારા બગસરા નગરપાલિકાનાં કર્મચારીઓની તમામ માંગણીઓ સંતોષકારક નિવારણ કરી આપતા સફાઈ કર્મચારીઓનાં આંદોલનનું સુખદ અંત આવેલ છે. જે બગસરાની જાહેર જનતાને જાણ બાબત....

બગસરા નગરપાલિકા

જયોત્સનાબેન એ.રીબડીયા
પ્રમુખ

ભાવનાબેન ગૌસ્વામી
ચીફ ઓફિસર

# સાવરકુંડલા : કબીર ટેકરી ખાતે કબીર પ્રાગટય દિને ચાર પુસ્તકોનું વિમોચન અને સાહિત્ય ગોષ્ઠિ કરવામાં આવી



કબીર સાહેબના ૬૨૬માં પ્રાગટય દિન નિમિતે સંતો અને સર્જકોની સાહિત્ય સભા યોજાઈ. ત્રણ સત્રમાં યોજાયેલી આ બેઠકોમાં પ્રથમ બેઠક ૧૦ વાગ્યે શરૂ થઈ. જેમાં મહંત શ્રી નારાયણ સાહેબની અધ્યક્ષતામાં કબીર ચિંતન વિષયમાં વિવિધ વકતાઓએ કબીર સાહેબના વિચારો રજૂ કર્યા. કાર્યક્રમની શરૂઆત ભરત અગ્રાવત, હરગોવિંદ પંડયા અને અરવિંદ દવે, તબલા વાદક ઝાલા પંકજથી કબીર વાણીથી સૌને મંત્ર મુગ્ધ કર્યા. ૧૨ કલાકે મહાપ્રસાદ બાદ ૨ વાગ્યે બીજી બેઠક સર્જક સ્નેહ મિલન અને વિવિધ કૃતિઓની રજૂઆત કરવામાં આવી. જેમાં વરસાદ–મોનો ઈમેજ કાવ્યોનું વિમોચન કરવામાં આવ્યું. એ વિશે આર.એસ. દુધરેજિયા અને ભરત ચતવાણીએ સુંદર ચિતાર આપ્યો. આ બેઠકનું સુચારૂ સંચાલન પરેશ મહેતાએ કર્યું. ૪:૩૦ કલાકે ત્રીજી બેઠકમાં ડો. આર.એન. ગાબાણી, લેખક અને અધિક કલેકટર અને ગુજરાત વિધાન સભા, નાયબ દંડકના અંગત સચિવ, ગાંધીનગરની અધ્યક્ષતામાં પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું. અંજળપાણી, આયામ વાર્તા સંગ્રહ–લેખક વાસુદેવ સોઢા, અલક મલકનાં ઉખાણાં–પુસ્તક, સંપાદન નિધિ મહેતા અને વાસુદેવ સોઢા. આ પુસ્તકોનું વિમોચન સંતો ઘનશ્યામ બાપુ, ડો. અર્જુનદાસ બાપુ, કરસનગીરી બાપુ, વિજયદાસજી અને નારાયણ સાહેબ તથા ડો. આર.એન. ગાબાણીના હસ્તે કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન વિવિધ સ્થળેથી પધારેલા સર્જકો માનસિંહ બાંભણિયા, પ્રા. નરેન્દ્ર ગોસ્વામી, ગફારભાઈ કુરેશી, ગુણવંત જોશી, શ્યામ સાંખટ, મંગળુભાઈ ખુમાણ, મયુર દવે, રમેશભાઈ રાવળે કબીર વિશે ઊંડું ચિંતન રજૂ કર્યું. આ બેઠકના સંચાલક નિધિ મહેતાએ સુચારૂ સંચાલન કર્યું. ત્રીજી વિમોચન બેઠકનું સંચાલનનો દોર ઉદય દેસાઈ સંભાળ્યો હતો. ત્રીજી બેઠકના વકતાઓ ઋતુબેન સોઢા, ગોરધન ભેસણીયા, નિધિ મહેતા, પરેશ મહેતા, રવજીભાઈ કાચા, દુર્ગેશ ઓઝા વગેરે વકતાઓએ પુસ્તકો પર મનનીય વકતવ્ય આપ્યું. ઉના અને દીવથી આમંત્રિત મહેમાનોએ લેખકોનું સન્માન કર્યું. સમગ્ર કાર્યકમ માટે આવકાર સુધીર મહેતાએ આપ્યો. મંચસ્થ સંતોનું ફૂલહારથી સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું. નિમંત્રિત દરેક સર્જકોનું સન્માન કરવામાં આવ્યું. વર્ષાબેન જોષીના જન્મ દિન નિમિતે શુભેચ્છા ચિહ્ન અર્પણ આપવામાં આવ્યું. અધ્યક્ષ સ્થાનેથી ગાબાણીએ સૌને સાહિત્યિક વકતવ્યથી રસ તરબોળ કર્યા અને કાર્યક્રમ માટે તથા સર્જકોને અભિનંદન આપ્યા. નાનાભાઈ ત્રિવેદીએ વિજ્ઞાન આધારિત દીપ પ્રાગટય કરાવ્યું અને વિમોચિત પુસ્તકોને ફરતા ગતિમાન ગોઠવણી કરીને એક આકર્ષણ ઉભુ કર્યું. જેમાં યશ ત્રિવેદીએ આ કાર્ય માટે ખૂબ મહેનત લીધી. તેઓને બિરદાવવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સંતોની પ્રેરક ઉપસ્થિતિ રહી અને આશીર્વચન વિજયદાસ સાહેબ અને નારાયણ સાહેબે આપ્યા. કબીર ટેકરી તરફથી બંને ટાઈમ સર્જકો અને સત્સંગી સેવકો માટે મહા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. મનીષભાઈ વિંઝુડાએ સમગ્ર કાર્યક્રમને સુવ્યવથીત કરવામાં ભારે જહેમત ઉઠાવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું ખાંભાનાં હનુમાનપુર ગામે

રેતી ધોવાના મશીન સાથે ચોંટી જતાં તેને બચાવવાં માટે નાનો ભાઈ માનકુભાઈ દોડી જતાં તેને પણ ત્યાં ઈલેકટ્રીક શોર્ટ લાગતાં તે પણ મશીન સાથે ચોંટી જતાં બન્નેને બચાવવાં ભત્રીજો ભવદીપભાઈ જતાં તેને પણ ઈલેકટ્રીક શોર્ટ લાગતાં ત્રણેયને ગંભીર હાલતમાં દવાખાને ખસેડાતા ફરજ પરના તબીબે પથુભાઈ જીલુભાઈ બોરીયા (ઉ.વ.૩૨), માનકુભાઈ જીલુભાઈ બોરીચા (ઉ.વ.૩૦) તથા ભવદીપભાઈ બાબાભાઈ બોરીયા (ઉ.વ. ૨૨)ને મૃત જાહેર કરતાંઆખોબાજેવડું ગામશોકમાં ડુબીગયુંહતું. અનેગામનાએકપણઘરમાં ગઈકાલેચુલોસળગ્યોનહતો. અનેઆજે સવારે આ ત્રણેય યુવકોની એક સાથે અંતિમયાત્રા નીકળતા ભારે કરૂણતા સર્જાયહતી. આખુંગામહિબકેચડયુંહતું.

## પાના ૮ ઉપરનું ચાલું બગસરાનાં એસ.ટી. ડેપોમાં

માથાના દુઃખાવા સમાન થઈ ગયું છે. બહારગામ જઈ રહેલા લોકોને આવા મળ મૂત્રવાળું પાણી માથા ઉપર કે કપડા ઉપર પણ પડી રહે છે ત્યારે લોકોને બહાર જવું પણ ખૂબ મુશ્કેલ પડી રહ્યું છે. લોકો ઉપર આવા દુર્ગંધયુકત પાણી પડવાથી કપડા તો ખરાબ થાય જ છે તેની સાથે સાથે આવું પાણી માથે પડવાથી લોકોને ઘરે પરત ફરીને કપડા પણ બદલાવા જવું પડે છે. ત્યારે શું ડેપો મેનેજર કે કોઈ પણ પદાધિકારીને આ બાબતની જાણ નથી કે પછી જેમ ચાલે છે તેમ ચાલવા દેવું છે આવી નીતિ રાખે છે. તો લોકોમાં આ બાબતે અનેક પ્રકારના સવાલો પણ ઉઠી રહ્યા છે કે શું પદાધિકારીઓની આમાં કોઈ મિલીભગત છે કે પછી કામ કરવુંનથી તેવા અનેક પ્રકારના સવાલો ઉઠી રહ્યા છે. તો આ સફાળું તંત્ર જાગે અને આવા દુર્ગંધયુકત પાણીને ટપકવાથી રોકે જેથી કરીને લોકોને એસ.ટી. ની સવારી થઈ શકે અને સાચા અર્થમાં સલામત સવારી સ્વચ્છ એસ.ટી. હમારી આ વાકયનું સાચો અર્થ સાર્થક થાય તેવી લોકોમાં માંગ ઉઠી છે.

## અવસાન નોંધ

**દામનગર** : મધુબેન રતિભાઈ ચાવડા (ઉ.વ.– ૭૮) ને વિનોદભાઈ, રાજેશભાઈ, હિતેશભાઈ અને મહેશભાઈના માતૃશ્રી. તેમજ ડો. જયસુખ ચાવડા, ધમેન્દ્ર, ગૌરવ અને સાગરના મોટાબાનું તા. ૨૩–૦૬–૨૪ ને રવિવારના રોજ દામનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૨૩૩ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૧૮૮ |
| ૩ | શિંગદાણા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૧૦૦ | ૧૬૭૨ |
| ૫ | તલ સફેદ | ૨૧૫૦ | ૨૬૫૦ |
| ૬ | તલ કાળા | ૨૨૦૦ | ૩૨૫૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૦૮૨ | ૩૦૯૯ |
| ૮ | બાજરો | ૩૪૬ | ૪૪૨ |
| ૯ | જુવાર | ૩૮૯ | ૮૭૩ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૬૩ | ૫૭૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૯ | ૫૫૬ |
| ૧૨ | મગ | ૧૪૫૫ | ૧૬૪૫ |
| ૧૩ | અડદ | ૧૫૭૦ | ૧૮૫૬ |
| ૧૪ | ચણા | ૧૦૬૫ | ૧૩૧૦ |
| ૧૫ | વાલ | ૧૧૧૦ | ૧૧૧૦ |
| ૧૬ | કપાસ | ૮૯૨ | ૧૫૦૦ |
| ૧૭ | એરંડા | ૧૦૩૨ | ૧૦૮૭ |
| ૧૮ | જીરૂ | ૪૮૦૦ | ૫૩૮૦ |
| ૧૯ | રાયડો | ૧૦૦૩ | ૧૦૦૩ |
| ૨૦ | ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૨૧ | અજમા | ૨૪૫૦ | ૨૪૫૦ |
| ૨૨ | સોયાબીન | ૮૦૦ | ૮૭૨ |
| ૨૩ | કાંગ | ૭૫૦ | ૭૫૦ |
| ૨૪ | સુવાદાણા | ૧૪૩૦ | ૧૪૩૦ |

## પાના ૧ ઉપરનું ચાલું જાફરાબાદનાં બાલાનીવાવ ગામનાં

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ જાફરાબાદ તાલુકાના બાલાનીવાવ ગામે રહેતા દિલુભાઈ દડુભાઈ વરૂ નામનાં ૩૯ વર્ષિય યુવક ગત તા. ૧૮ ના રોજ સવારે ૯ વાગ્યે બાલાનીવાવ ગામથી ભાવનગર જવા નીકળેલ હતા. પરંતુ તે ભાવનગર પહોંચેલ ના હતા. ત્યારે ગત તા. ૨૩ ના રોજ સાંજના સમયે બાલાનીવાવ ગામની સામે હાઈવે રોડથી દક્ષિણ તરફ બાવળ ની ઝાડીઓમાં પડેલ તેમની લાશ (હાડપિંજર) મળી આવેલ હોય અને તેમનું કોઈ પણ કારણોસર મોત થયેલ હોય તથા તેમના શરીરે જંગલી પશુઓએ ફાડી ખાધેલ હોવાનું પણ જણાય આવેલ હોય. જેથી તેનું મોત નિપજયાનું જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું બકરાનો ભોગ લીધો

ભારે વરસાદ અને પવનના સુસવાટામાં મુકેશભાઈ પરસોતમભાઈ જમોડના મકાનની પારાપેટ એકાએક તૂટી પડી નીચે પસાર થતાં વીજવાયર ઉપર પડતા ચાલુ વીજવાયર તૂટી નીચેથી જ પસાર થઈ રહેલા સુરાભાઈ વશરામભાઈ ગોહિલ નામનાં માલધારીના એંશી જેટલાં બકરાઓમાંથી બે બકરા ઉપર પડતા બન્ન બકરાના શોર્ટ લાગવાથી સ્થળ પર જ મોત થયા હતા.

બનાવની જાણ થતા પાલીકા ચીફ ઓફિસર બોરડ ચાલુ વરસાદે તાત્કાલીક સ્થળ ઉપર દોડી ગયા હતા અને જીઈબી ને જાણ કરતા તાત્કાલિક ઈલેકટ્રીક સપ્લાય બંધ કરાવી પંચ રોજકામ કામગીરી હાથ ધરી હતી. ચીફ ઓફિસર બોરડે પંચ રોજકામ કરી પી.જી. વી. સી. એલ.ને આગળની કાર્યવાહી કરવા મોકલી આપેલ છે. આમ પહેલા વરસાદમાં જ જર્જરીત પારાપેટ પડતા બે નિર્દોષ બકરાનો ભોગ લેવાઈ ગયો છે. બે બકરાના મોત થતા બકરા માલિક માલધારી પરિવાર ઉપર અણધારી આફત આવી પડી છે. જયાં આ ઘટના બની ત્યાં પરચુરણ ચીજવસ્તુઓની દુકાન આવેલી છે સદભાગ્યે બનાવ સમયે દુકાને કોઈ ગ્રાહક હાજર ના હોય મોટી જાનહાની ટળી ગઈ છે. અત્રે નોંધનીય છે કે સાવરકુંડલા શહેરમાં ઘણી જગ્યાએ જૂની જર્જરીત ઈમારતના સ્લેબનાં પોપડા અને પારાપેટ મોતનાં માંચડા બની જળુંબી રહ્યાં છે ત્યારે કોઈ મોટી દુઘર્ટના કે જાનહાની થાય તે પહેલા સત્વરે આવી પારાપેટ, પોપડા દૂર કરવા તંત્રએ પગલાં ભરવા જોઈએ તેવી શહેરીજનોમાં માંગ ઉઠી છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૧૮૨ |
| ૨ | ચણા | ૯૧૧ | ૧૨૪૧ |
| ૩ | એરંડા | ૧૦૧૭ | ૧૦૧૭ |
| ૪ | મગફળી | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૫ | સોયાબીન | ૮૪૧ | ૮૪૧ |
| ૬ | ધાણા | ૮૫૨ | ૮૫૨ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૧૭૫ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૧ | ૧૨૮૦ |
| ૩ | શીંગ દાણા | ૧૫૦૦ | – |
| ૪ | તલ સફેદ | ૨૩૨૦ | ૨૬૮૧ |
| ૫ | જીરૂ | ૪૭૩૫ | ૫૬૫૬ |
| ૬ | કપાસ | ૧૪૦૦ | ૧૪૪૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૩૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૫૦ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૪૫૦ |
| ૧૦ | જુવાર | ૬૦૦ | ૮૪૦ |
| ૧૧ | મગ | ૧૫૦૦ | ૧૬૬૬ |
| ૧૨ | ચણા | ૧૨૦૦ | ૧૩૧૩ |
| ૧૩ | તુવેર | ૨૦૦૦ | ૨૪૦૦ |
| ૧૪ | મેથી | ૧૦૨૦ | ૧૧૫૦ |
| ૧૫ | રાય/રાયડો | ૧૦૦૦ | ૧૧૫૧ |
| ૧૬ | ધાણા | ૧૧૦૦ | ૧૨૦૦ |

## લીલીયા : ધારાસભ્ય કસવાલાનો આભાર માનતા એડવોકેટ પાઠક

લીલીયા મોટા તા. ૨૪



અમરેલી જીલ્લાની જનતાને જન્મ મરણ નોંધ કરાવવા અનેતે અંગેની અરજી કરવા માટે દરેક પ્રાંત અધિકારીમાં જવુ પડતું હતું અને આવા પરચુરણ કામ માટે અમરેલી જીલ્લાની જનતાને સમય અને નાણાનો વેડફાટ થતો હતો તે અંગેની રજુઆત ધારાશાસ્ત્રી પાઠકના પુત્ર જૈમની પાઠક એ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને કરી જણાવેલ કે આવો સત્તા અધિકાર કલેકટર તમામ તાલુકા મામલતદાર અને તાલુકા એકઝીકયુટી મેજીસ્ટ્રેટને આપવામાં આવે તો જીલ્લાના તમામ તાલુકામા આવી જન્મ મરણ નોંધ થઈ શકે અને જનતાને પ્રાંત કચેરી સુધી જવુ ન પડે અનેવકીલોને પણ મુશ્કેલી નડે તે અંગેના સાધનીક કાગળો અને અન્ય જીલ્લા કલેકટરના પરીપત્રો અને સરકારના જી.આર.આપી ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને રજુઆત કરતા તેઓ સત્વર. આ અંગે અમરેલી જીલ્લા કલેકટર અજય દહિયાને રજુઆત કરતા તેજ દિવસે કલેકટર સરકારનો પરીપત્ર ટાંકી અમરેલી જિલ્લાના તમામ મામલતદારને જન્મ મરણ નોંધની અરજી આ હુકમ કરવા સત્તા કરતો પરીપત્ર કરી આપેલ છે આ પરીપત્ર થતા અમરેલી જીલ્લાની જનતાને હવે પ્રાંત કચેરીમાં આવી અરજી નહી કરતા સ્થાનીક મામલતદાર કચેરી ખાતે અરજી કરવાથી કામ થઈ જશે. આમ કસવાલા સાહેબએ સત્વરે રજુઆત કરી કલેકટરનો પરીપત્ર કરાવતા ખુબજ સરાહનીય કામગીરી કરી આપવા બદલ ભા.જ.પ. લીગલ સેલ કન્વીનર ધારાશાસ્ત્રી કિશોર પાઠકે આભાર વ્યકત કરી ધારાસભ્યને અભિનંદન પાઠવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૩૫ | ૧૪૯૫ |
| ૨ | મગફળી | ૧૦૭૫ | ૧૧૪૫ |
| ૩ | ચણા | ૧૨૩૬ | ૧૩૦૪ |
| ૪ | જીરૂ | ૪૬૯૦ | ૫૫૦૦ |
| ૫ | ઘઉં | ૪૮૦ | ૪૯૦ |
| ૬ | તલ સફેદ | ૨૩૬૯ | ૨૪૫૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૨ | ચણા | ૧૨૩૫ | ૧૨૭૦ |
| ૩ | તુવેર | ૧૩૦૦ | ૧૯૦૦ |
| ૪ | ઘઉં લોકવન | ૪૪૫ | ૫૨૩ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૮૩ | ૪૮૩ |
| ૬ | ચોળી | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૭ | તલસફેદ | ૨૧૫૦ | ૨૪૪૦ |
| ૮ | શીગફાડા | ૧૨૯૦ | ૧૪૫૫ |
| ૯ | સોયાબીન | ૮૦૦ | ૮૫૩ |
| ૧૦ | મગ | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૧૧ | જુવાર | ૫૦૦ | ૬૦૦ |
| ૧૨ | મગફળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૩ | એરંડી | ૧૦૬૦ | ૧૦૬૦ |
| ૧૪ | મકાઈ | ૫૨૫ | ૫૨૫ |
| ૧૫ | તલ કાળા | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૬ | શીંગદાણા | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૭ | બાજરો | ૩૫૦ | ૩૫૦ |

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં બહારપરામાં પોલીસકર્મીની

તા. ૨૩ ના રોજ ૧૧ વાગ્યા આસપાસ અમરેલીના બહારપરા મોટા ખાટકી વાડમાં રહેતા આરોપી મહેબુબ ઉર્ફે મેબલો મહમદભાઈ ભાડુલા પોલીસની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી પોલીસ કર્મીના ડાબા હાથની ત્રીજી (ટચલી આંગળી પાસેની) આંગળીમાં બટકુ ભરી ગંભીર ઈજા કરી તેમજ તથા સાથેના પોલીસ સ્ટાફ કર્મચારીઓને જેમ ફાવે તેમ ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકીઓ આપ્યાની ફરિયાદ સીટી પોલીસમાં નોંધાઈ છે.

## પાના ૧ ઉપરનું ચાલું બાબરામાંથી પસાર થતાં

અહીં રાજકોટ–ભાવનગર સ્ટેટ હાઈવે રોડ પર માર્કેટિંગ યાર્ડ નજીક આવેલ બ્રિજમાં ખાડા પડી જતા અહીંથી પસાર થતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવાની ફરજ પડે છે તેમજ અકસ્માત સર્જાવાની ભીતિ પણ સતાવી રહી છે. અડધા ફૂટના ખાડા પડી જતા ચોમાસાનું પાણી ભરાય છે પસાર થતા વાહન ચાલકોને ખાડા નહિ દેખાતા અકસ્માત સર્જાય છે. ત્યારે કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પહેલા ત્રણ બ્રિજની મરામત કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## પાના ૧ ઉપરનું ચાલું રાભડા ગામનાં યુવકે

ડોકટરે પ્રાથમિક સારવાર આપી હાલત ગંભીર જણાતા ૧૦૮માં અમરેલી સિવિલ હોસ્પીટલમાં લઈ જવામાં આવેલ ત્યાં સારવાર દરમ્યાન કીરીટભાઈ નાનજીભાઈ પરમારનું અવસાન થતા, સિવિલ હોસ્પીટલ, પોલીસ ચોકીના જમાદારે જરૂરી કાગળો કરી, દામનગર પોલીસ સ્ટેશનમાં મોકલી આપેલ. આ બનાવની દામનગર પોલીસ સ્ટેશનના અ.હે.કો. કે.આર. સાંખટ તપાસ કરી રહ્યા છે. કિરીટભાઈનાં અચાનક અવસાનથી રાભડા ગામમાં શોક છવાઈ ગયો છે. અને તેમના પરિવારમાં દુઃખની લાગણી જન્મી છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૪૬૧ | ૪૬૧ |
| ૨ | ચણા | ૯૯૫ | ૧૨૨૫ |
| ૩ | તુવેર | ૧૪૫૦ | ૧૫૮૦ |
| ૪ | મગ | ૧૬૩૩ | ૧૬૩૩ |
| ૫ | તલ | ૨૦૦૦ | ૨૪૭૫ |
| ૬ | શીંગ દાણા | ૧૬૦૧ | ૧૬૦૧ |
| ૭ | એરંડા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૮ | સોયાબીન | ૮૫૧ | ૮૫૨ |

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૨૫૦ |
| ૨ | તલ સફેદ | ૨૨૫૫ | ૨૬૩૧ |
| ૩ | કપાસ | ૯૦૦ | ૧૪૭૨ |
| ૪ | બાજરો | ૩૭૧ | ૪૬૮ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૭ | ૫૯૧ |
| ૬ | જુવાર | ૮૨૨ | ૯૦૧ |
| ૭ | મગ | ૧૪૫૦ | ૧૫૯૧ |
| ૮ | અડદ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૯ | ચણા | ૧૧૯૧ | ૧૩૦૦ |
| ૧૦ | જીરૂ | ૪૭૦૦ | ૪૭૦૦ |
| ૧૧ | એરંડી | ૧૦૦૨ | ૧૦૧૧ |
| ૧૨ | સોયાબીન | ૮૦૦ | ૮૫૦ |

## પર્યાવરણપ્રેમી અને સુરત સ્થિત ભામાશા ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા

# ચમારડી ખાતે ૬૦ હજાર વૃક્ષોનાં વાવેતરની કામગીરીનો પ્રારંભ

કાળઝાળ ગરમી, અપુરતા અને અનિયમિત વરસાદથી જનતા જનાર્દનને બચાવવાનાં અભિયાનનો દબદબાભેર પ્રારંભ

બાબરાનાં ચમારડી ખાતેથી આગામી દિવસોમાં ૬૦ હજાર રોપાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે

જે વ્યકિત કે સંસ્થા ૧૦૦ વૃક્ષોનું વાવેતર અને ૩ વર્ષ સુધી જતન કરે તેને રૂપિયા ૧૦ હજારનું ઈનામ અપાશે

જિલ્લાભરની જનતાને વૃક્ષારોપણનાં મહાઅભિયાનમાં સાથ-સહકાર આપવા અનુરોધ



અમરેલી, તા. ૨૪

બાબરાનાં ગાગર જેવડા ચમારડી ગામે સાગર જેવડા જનસેવા કાર્યનો પ્રારંભ થયો છે. જેમાં ચમારડીનાં વતની અને સુરત સ્થિત પર્યાવરણપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરા ધ્વારા તેમનાં ૬૦ માં જન્મદિનનાં વર્ષની ઉજવણીનાં ભાગરૂપે ૬૦ હજાર વૃક્ષોનું વાવેતર અને તેનું જતન જનતાનાં સહયોગથી કરવાનો નિર્ણય થતાં તે અંતર્ગત કામગીરીની શરૂઆત થઈ છે.

આ અંગે પર્યાવરણપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાએ ''અમરેલી એકસપ્રેસ'' સાથેની વાતચીતમાં જણાવેલ છે આજે દેશ અને દુનિયામાં કાળઝાળ ગરમી વધતા વરસાદ અનિયમિત અને અપુરતા પ્રમાણમાં પડતાં પૃથ્વી પર પશુ–પક્ષીઓ અને માનવજીવનનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે અને હવે સમગ્ર પૃથ્વી વાસીઓએ હવે જાગૃત બનવું પડશે અને વિશ્વમાં ૮૦૦ કરોડથી વધારે વૃક્ષોનું વાવેતર આગામી પાંચ વર્ષમાં કરવું પડશે તો જ પૃથ્વી ઉપર કોઈપણ જીવનું અસ્તિત્વ રહેશે.

વધુમાં જણાવેલ છે કે, તેઓએ અમરેલી જિલ્લામાં ૬૦ હજાર વૃક્ષોનું વાવેતર કરવા અને કરાવવાનો નિર્ણય કર્યો છે અને તેઓએ અગાઉનાં વર્ષોમાં ૫૦ હજાર વૃક્ષોનું વાવેતર અને જતન પણ કર્યુ છે અને વધું ૬૦ હજાર વૃક્ષોનું વાવેતર એક વર્ષમાં કરીને અમરેલી જિલ્લામાં હરિયાળી ઉભી કરવાનો સંકલ્પ કર્યો છે.

વધુમાં જણાવ્યું છે કે, બાબરાનાં ચમારડી ફાર્મ ખાતેથી કોઈપણ નાગરિક કે સંસ્થાને વિનામૂલ્યે મોટા વૃક્ષો બની શકે તેવા રોપાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. જેમાં જે નાગરિક કે સંસ્થા ખરાઅર્થમાં વૃક્ષનું વાવેતર કરીને ૩ વર્ષ સુધી જતન કરશે તેને જ રોપાનું વિતરણ કરાશે. માત્ર ફોટોસેશન કરાવનારને રોપાનું વિતરણ નહી થાય અને જે વ્યકિત કે સંસ્થા ૫૦ વૃક્ષોનું વાવેતર અને જતન કરશે તેને ૫ હજાર અને ૧૦૦ વૃક્ષોનું વાવેતર અને જતન કરશે તેને રૂપિયા ૧૦ હજારનું ઈનામ આપવામાં આવશે અને આગામી કલાકોમાં જ રોપાનું વિતરણ શરૂ કરાશે. વિનામૂલ્યે રોપા મેળવવા માટે મોબાઈલ નંબર ૯૮૨૫૧ ૩૨૨૨૨ પર સંપર્ક કરવા જણાવાયું છે.

### વિશ્વ હિન્દુ પરિષદનાં સહયોગથી

## લીલીયાના એકલેરામાં સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું

**૧૦૦ જેટલા દર્દીઓએ લાભ લીધો**



લીલીયા, તા. ૨૪


લીલીયા તાલુકાના એકલેરા ગામે વિ હિન્દુ પરિષદ અમરેલી સેવા વિભાગ અને લીલીયા પ્રખડ દ્વારા આયુષ્ય નિયામક અને આર્યુવેદિક અમરેલી વિભાગ ના સહયોગ થી સર્વ રોગ નિદાન કેમ્પ નું આયોજન એકલેરા હેલ્થ સેન્ટર ખાતે કરવા માં આવેલ આ કેમ્પ ને એકલેરા ના સરપંચ રાજેશ્વરી રાજયગુરૂના હસ્તે દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મૂકવા માં આવેલ આ કેમ્પ માં ૯૬ જેટલા લાભાર્થી ઓએ લાભ લીધેલ જયારે અમરેલી જિલ્લા વિ હિન્દુ પરિષદ ના અપ્રયક્ષ ઈતેશભાઈ મહેતા, અને જયેશભાઈ રાજયગુરૂ ખાસ આ કેમ્પ માં ઉપસ્થિત રહેલ

કેમ્પ માં ડો. ખોડીદાસ શુકૂલા, ડો. કાર્તિક સોલંકી, સાગર જોષી એ સુંદર સેવા આપેલ કેમ્પ ને સફળ બનાવવા જિલ્લા સેવા પ્રમુખ યુવરાજ સિંહના માર્ગદર્શન તળે લીલીયા પ્રખડ મંત્રી દિનેશભાઈ સંગતાણી ઉપાપ્રયક્ષ ભરતભાઈ રાજયગુઢ એકલેરા ગામના ઉપ સરપંચે ધનશ્યામભાઈ આલગિયા, જયેશભાઈ રાજયગુઢ, અનિતાબેન ગજજર, હેતલબેન ગોદાણી, નયનાબેન બાબરીયા, દિલીપભાઈ ખૂટ, તેમજ ધીઢભાઈ ગોદાણી, ગભરૂભાઈ આલગીયા દ્વારા જહેમત ઉઠાવી કેમ્પ ને સફળ બનાવવા માં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદી માં જણાવેલ છે.

## આંતરાષ્ટ્રીય યોગ દિન ઉજવણી : જિલ્લાના વિવિધ સ્થળોએ પ્રિ ઈવેન્ટ-યોગ કાર્યક્રમ યોજાયા

અમરેલી, તા. ૨૪

અમરેલી તા. ૨૦ જૂન, ૨૦૨૪ (ગુરૂવાર) આંતરરાષ્ટ્રીય યોગ દિન ઉજવણી તા. ૨૧ જૂનના રોજ કરવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિની ધરોહર અને વારસાને જીવંત રાખવા, યોગાસન અને તેનાથી થતાં ફાયદાઓ વિશે વધુમાં વધુ નાગરિકો જાગૃત્ત થાય, યોગને પોતાની જીવનશૈલીમાં અપનાવે તેવા ઉદ્દેશ્ય સાથે જિલ્લાનાં વિવિધ સ્થળોએ આંતરરાષ્ટ્રીય યોગ દિન પૂર્વે, પ્રિઈવેન્ટ – યોગ કાર્યક્રમ યોજવામાં આવ્યાહતા. જિલ્લાનાબાબરા, ભુરખીયા હનુમાનમંદિર, ધારી–આંબરડી સફારી



પાર્ક, એદ્યોગિક વિસ્તારોના ખાનગી એકમો, શાળા– કોલેજ, સરકેશ્વર બીચ–બલાણા, શિયાળબેટ સહિતનાં સ્થળો પર યોગાસન થયા હતા. વિદ્યાર્થીઓ, મહાનુભાવો, નાગરિકો સહિતના જોડાયા હતા.

### યુવા નેતા મનિષ સંઘાણી દ્વારા


## મગફળી અને કપાસ સહિત ૧૪ ખરીફ પાકોનાં ટેકાનાં ભાવમાં વધારાને આવકાર

**ભારત સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં ઉતમ નિર્ણય**

અમરેલી, તા.૨૪

ભારત સરકાર દ્વારા મગફળી અને કપાસ સહિત ૧૪ ખરીફ પાકોના ટેકાના ભાવમાં વધારો કરવામાં આવેલ જેને આવકારતા યુવા નેતા મનીષ સંઘાણી, ભારત સરકારની બુધવારે મળેલ બેઠકમાં ખેડૂત હિતમાં લેવાયેલ નિર્ણય ને આવકારતા અને અભીનંદન પાઠવતા ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણી એ જણાવ્યું હતું કે ૨૦૨૩–૨૪ માં મગફળી ટેકાનો ભાવ ૬૩૭૦ હતો જે વધારી ને ૬૭૮૩ કર્યો અને કપાસ નો ટેકાનો ભાવ ૬૬૨૦ હતો તે વધારી ને ૭૧૨૧ કરવામાં આવ્યો આવી રીતે ૧૪ જેટલા ખરીફ પાકોમાં ભારત સરકાર દ્વારા ખેડૂત હિતમાં નિર્ણય કરી વધારો આપવામાં આવ્યો છે આ ઉપરાંત ૨ લાખ નવા વેર હાઉસ બનાવવા માટેનું પણ આયોજન કરવામાં આવેલ છે.

## અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં વિશ્વ યોગ દિવસ ઉજવાયો



અમરેલી તા. ૨૪

જીવનમાં યોગનું મહત્વ સ્વીકારીને આજે વિશ્વભરમાં યોગ દિવસ ઉજવાયો છે. ત્યારે શિક્ષણ અને સંસ્કાર માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં પણ તા : ૨૧/૦૬/૨૦૨૪ નાં રોજ શાળાનાં મેદાનમાં સમુહમાં યોગા તેમજ સૂર્ય–નમસ્કાર અને પ્રાણાયમ, આદર્શ નમુનાં મુજબ કરાવવામાં આવ્યા હતાં.

આ પ્રસંગે સંસ્થાનાં સંચાલક દિપકભાઈ વઘાસિયાએ જીવનમાં અને ભણતરમાં યોગનું મહત્વ તે વિશે સુંદર વકતવ્ય આપ્યું હતું. તેમજ વિલાસબેન વઘાસિયાએ શાંતિ મંત્રો સાથેની પ્રાર્થના કરાવી હતી અને સંસ્થાનાં મદદનીશ શિક્ષક જુલીબેન વઘાસિયાએ યોગ્ય રીતે કાર્યક્રમનું સંચાલન કરીને યોગાસનો કરાવ્યા હતા.

કાર્યક્રમની સફળતા માટે દરેક શિક્ષકોએ યર્થાથ મહેનત કરી હતી.

## ગોપાલગ્રામમાં યોગ દિવસ ઉજવાયો



ધારી, તા.૨૪

ધારીતાલુકાના ગોપાલગ્રામ ખાતે ઓ.પી.ઝાટકિયા હાઈસ્કૂલના પ્રાંગણમાં યોગ દિવસની ઉજવણી કરવામાંઆવીહતી. રાજયયોગબોર્ડમાં ટ્રેનિંગ પામેલાં યોગ શિક્ષક ઈલાબેન ભાસ્કરભાઈ જોબનપૂત્રાએ સેવાઆપી હતી, અમરેલી ખાતે ઓયોજીત થતી યોગ શિબિરોમાં અવારનવાર યોગાભ્યાસ કરાવતાં ઈલાબેન ગામનાં પૂત્રવધુહોય, ઘર આંગણે યોગ કરાવીને વિશેષ ખુશી અનુભવી હતી તેમણે ખૂબ સરસ રીતે યોગ, આસન, પ્રાણાયામની સમજ આપતાં યોગ કરાવ્યાં હતાં. અત્રે પ્રાથમિક તેમજ માધ્યમિક શાળામાં અભ્યાસ વિદ્યાર્થીઓ, શિક્ષકો સાથે આગેવાનોએ પણ યોગ કર્યા હતાં.

અમરેલી સ્થિત અગ્રણી આર.ટી.ઓ. સલાહકાર ભાસ્કરભાઈ ચંદુભાઈ જોબનપૂત્રા પરિવારે વતનના ગામમાં બાળકોને યોગ દિનની ઉજવણી બાદ સ્વાદિષ્ટ નાસ્તો કરાવ્યો હતો.

આ કાર્યક્રમમાં હાઈસ્કૂલના આચાર્ય ત્રિવેણીબેન ચેહાણ, ગ્રામવિકાસ મંડળના ટ્રસ્ટી રાજુભાઈ ઠુમ્મર, પ્રતાપભાઈ વાળા, ચુનીભાઈ વાડદોરિયા, પૂર્વ સરપંચ હરેશભાઈ વાળા, મેરામભાઈ વાળા, હકુભાઈ વાળા, કુમાર શાળાનાં ચિરંજયભાઈ ત્રિવેદી, દિવ્યાબેન અજાણી, શ્રધ્ધાબેન માઘડ, શ્રી ભકિબા કન્યા શાળાનાં આચાર્ય રસીદાબેન સંવટ, મેધાબેન પંડ્યા, સીમાબેન ઠાકર, વસંતદાસઅગ્રાવત, અશોક નથવાણી, ડાંગરભાઈ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં, સમગ્ર કાર્યક્રમનું સંચાલન યોગ શિક્ષક ડો. વાળા કર્યુ હતું તેમ વિપુલ ભટ્ટીએ જણાવ્યું છે.

## સ્વાન, કપિરાજ અને બિલાડીની પરસ્પર હુંફ



''જીવ માત્ર પ્રેમને માત્ર–હૂંફ મેળવલા દોડતા રહેતા ૩ પ્રાણીનો અદભૂત સંગમ'' ન કોઈ દુશ્મન ન કોઈ દૂર...!!''. દુશ્મની કયારે દોસ્તીમાં ફેરવાઈ જાય તે નકકી નથી હોતુ., ઓટલી મોટી વિશાળ દૃનિયામાં કહેવાય છે કે ૮૪ લાખ યોનિ હોય છે કે તે માનવુ જ રહ્યુ, અને કર્મના સિધ્ધાંત પ્રમાણે સૌથી વધુ સમજાદાર મનુષ્ય હોય છે..!! તો પણ પ્રકૃતિ અને સ્વભાવ અલગ–અલગ હોય છે તે જોઈ અને અનુભવી શકાતુ હોય છે. કહેવાય છે કે સમાજમાં જેને દુશ્મન (વિરોધી..) સમજતા હોય તે (રાજકારણમાં..) કયારે દોસ્ત બની જાય હોય તે પરિસ્થિતિ અને પ્રવાહનાં આધારે નિર્ણય લેવાતો હોય છે. ..! સમાજમાં દરેક જીવને રહેવાનો અધિકાર પ્રાપ્ત થયો હોય છે. છતા પણ મોટુ–તારુ કરવામાં જીંદગીના દિવસો પૂર્ણ થઈ જાય છે. સમગ્ર બ્રહ્માંડમાં અઢી અક્ષરનો શબ્દ ''પ્રેમ'' નો કોઈ વિકલ્પ નથી. આ તસ્વીર વિશે લખતા બેસીએ તો ઘણુ બધુ લખી શકાય, પણ ટૂંકમાં કહીએ તો આ તસ્વીરમાં સ્વાન–કપિરાજ અને બિલાડીનના બે બચ્ચા વચ્ચેનો પ્રેમ એટલે કે જે પરસ્પર હૂફ મેળવી રહયા છે એ અપ્રિતમ છે.

### વર્ષ ૨૦૨૪ જુન અને જુલાઈમાં ધો. ૧૦ અને ધો.૧૨ ગુજરાત બોર્ડ પુરક પરીક્ષા

## અમરેલી જિલ્લામાં પરીક્ષા દરમિયાન કાયદો વ્યવસ્થા જાળવવા અને ગેરરીતિ અટકાવવા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું

અમરેલી તા.૨૪

વર્ષ–૨૦૨૪ના જૂન–જુલાઈ ૨૦૨૪માં પૂરક પરીક્ષાઓ યોજાશે. તા.૨૪.૦૬.૨૦૨૪ થી તા.૦૬.૦૭.૨૦૨૪ દરમિયાન અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં ધો.૧૦ (એસ.એસ.સી.) અને ધો.૧૨ (એચ.એસ.સી.) વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ ગુજરાત શિક્ષણ બોર્ડની પૂરક પરીક્ષા યોજાશે. જિલ્લાના વિવિધ તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે શાંતિપૂર્ણ અને તંદુરસ્ત માહોલમાં પારદર્શીપણા સાથે પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રો અને આજુબાજુના વિસ્તારોમાંપ્રતિબંધાત્મક બાબતો થઈ શકશે નહિ. પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજયામાં આવેલા ઝેરોક્ષ–ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓના ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર પ્રતિબંધ રહેશે.

પરીક્ષા કેન્દ્રો પર મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લુટુથ, ઈયરફોન, કેમેરા, લેપટોપ લઈ જવા પર પ્રતિબંધ રહેશે. પરીક્ષાના સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવાં પર પ્રતિબંધ છે.

પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યકિ સિવાય અનઅધિકૃત વ્યકિના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. પરીક્ષાર્થી કે તેના સાથે સંકળાયેલા કોઈ પણ કર્મચારી તેઓના મોબાઈલ પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જઈ શકશે નહીં.

અનિવાર્ય સંજોગોમાં સ્થળ સંચાલક પોતાનો મોબાઈલ લઈ જઈ શકશે પરંતુ મોબાઈલ જે તે સંસ્થાના આચાર્યશ્રીના ઢમમાં સેફ કસ્ટડીમાં રાખી તેનો દુઢપયોગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

આ ઉપરાંત કોઈ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહીં, પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ પણ વસ્તુ ઈલેકટ્રોનિક આઈટમ/પુસ્તક, કાપલીઓ, મોબાઈલ ફોન, ઝેરોક્ષ નકલનું વહન કરવુંનહીં કે કરાવવામાં મદદગારી કરવી નહીં. પરીક્ષા સ્થળ ના આસપાસના વિસ્તારમાં પરીક્ષાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે લાઉડ સ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધ રહેશે.

પરીક્ષા દરમિયાન દરેક કેન્દ્રના સંચાલકોએ શાળામાં ઝેરોક્ષ મશીન, સ્કેનર સીલ કરીને રાખવાના રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીએ આ અંગે ખરાઈ કરી અને આ બાબતનું પ્રમાણપત્ર કેન્દ્રના સંચાલક પાસેથી અચૂક મેળવી લેવાનું રહેશે. આ હુકમ તા. ૨૪.૦૬.૨૦૨૪ થી તા. ૦૬.૦૭.૨૦૨૪ દરમિયાન પરીક્ષાના દિવસે સવારના ૯ વાગ્યાથી સાંજના ૭.૩૦ વાગ્યા સુધી અમલી રહેશે. રજાના દિવસે તા. ૩૦.૦૬.૨૦૨૪ રવિવારના રોજ અમલી થશે નહીં. આ જાહેરનામાનું ઉલ્લંઘન ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબ સજાપાત્ર છે. જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા અમરેલી જિલ્લા શિક્ષણાધિકારી અમરેલી તથા સંબંધિત દરેક પરીક્ષાના કેન્દ્રના કેન્દ્ર સંચાલકઓ તથા અમરેલી જિલ્લા પોલીસ થાણા અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવ્યા છે. પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ, સંચાલનના કામ માટે ફરજ પર રોકાયેલા અધિકારીઓ, કર્મચારીઓ, જાહેર માર્ગ પર પસાર થતાં વાહનોમાં બેસેલા મુસાફરો, સ્થાનિક સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, તાલુકા મામલતદારને આ જાહેરનામા માંથી મુકિત આપવામાં આવી છે.




## એસ.ટી.નાં અધિકારીઓની અણઆવડત અને બેદરકારીનાં પાપે

# બગસરાનાં એસ.ટી. ડેપોમાં છત ઉપરથી ટોયલેટનું પાણી ટપકે

**અતિ દુર્ગંધયુક્ત પાણી છત પરથી ટપકતા બહાર ગામ આવન-જાવન કરતાં મુસાફરો હેરાન પરેશાન**

**જનતા જનાર્દનનાં પરસેવાનાં ૪ કરોડ રૂપિયાનાં ખર્ચે તૈયાર થયેલ ડેપોથી જનતાની પરેશાની વધી**

**સતત ટપકતા પાણીથી ડેપોની દીવાલો અને ટાઈલ્સને પણ વ્યાપક નુકસાન**

**ધારાસભ્ય અને વિભાગીય નિયામક સ્થળ પરીક્ષણ કરી સમસ્યાનું સમાધાન કરે**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૪

બગસરા એસ.ટી. ડેપો જયારથી નવ નિર્માણ થયો છે ત્યાર થી વરસાદ આવતાની સાથે જ અનેક જગ્યાએ થી સ્લેબમાંથી પાણી પડવાની સમસ્યા રહેલી છે. ત્યારે આ ડેપો બનાવવા પાછળનો ખર્ચ આશરે ૪ કરોડ જેટલો થયો હતો પરંતુ એન્જિનિયરની દેખરેખનો અભાવ કે પછી કોન્ટ્રાકટર દ્વારા લોલમલોલ કામગીરીના હિસાબે સરકારના ચાર કરોડ જેવી માતબર રકમનું જાણે પાણી ફરી વળી ગયું હોયતેવું લાગી રહ્યું છે. જયારે હાલમાં આ ડેપોમાં ઉપરના માળે સંડાસ–બાથરૂમ હોવાથી છેલ્લા ઘણા સમયથી આ ટોયલેટનું મળ મૂત્રવાળું પાણી ટપકતું જોવા મળી રહ્યું છે. જેના હિસાબે દીવાલો અને નીચે લાદી પણ આવા ખરાબ પાણી પડવાથી ખરાબ થયેલી જોવા મળી રહી છે. ત્યારે અહીં આવતા પેસેન્જરને ખૂબ હાલાકી ભોગવી પડે છે જયારે આ પાણી પડવાથી એટલી હદે ખરાબ દુર્ગંધ આવી રહી છે કે પેસેન્જરને અહીંયા ઉભું રહેવું કે બેસવું

અનુસંધાન પાના ૬ ઉપર

## પારાપેટ ઈલેક્ટ્રીક વાયર પર પડતા અકસ્માત

# સાવરકુંડલા શહેરમાં ચોમાસાનાં પ્રથમ વરસાદે ૨ બકરાનો ભોગ લીધો

**તંત્રએ પંચરોજકામ સહિતની કામગીરી કરી**



સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા શહેરના આથમણી દિશાએ વોર્ડ નંબર ૭ માં આવેલા ઈન્દિરા વસાહત વિસ્તારમાં ગઈકાલે સાંજે પાંચ વાગ્યાના અરસામાં

અનુસંધાન પાના ૬ ઉપર

## પોલીસકર્મીઓ સામે પણ માથાભારે શખ્સો માથુ ઊંચકે

# અમરેલીનાં બહારપરામાં પોલીસકર્મીની આંગળીને બટકુ ભરી મારી નાખવાની ધમકી

**પોલીસે મહેબુબ ભાડુલા વિરૂધ્ધ તપાસ આદરી**

અમરેલી, તા. ૨૪

અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા નરેન્દ્રસિંહ બહાદુરસિંહ ગોહિલ તથા સાથેના પોલીસ સ્ટાફ સાથે

અનુસંધાન પાના ૬ ઉપર

## રહેણાંક મકાનનો સ્લેબ ભરવા માટે રેતી ધોવાનું મશીન શરૂ કરતાં

# અરેરાટી : ખાંભાનાં હનુમાનપુર ગામે ઈલેક્ટ્રીક શોર્ટ લાગવાથી બે ભાઈઓ અને ભત્રીજાનું મોત

**નાના એવા ગામમાં એકી સાથે ૩ વ્યક્તિનાં મોત થતાં શોકનો માહોલ**



તસ્વીર : ભાવિક કળસરિયા–ખાંભા

અમરેલી, તા. ૨૪

ખાંભા તાલુકાના હનુમાનપુર ગામે ગઈકાલે સાંજના સમયે પોતાના મકાન માટે સ્લેબ ભરવાનો હોય જેથી રેતી ધોવાના મશીનમાં રેતી ધોવાનું કામ કરતાં હતા. તે દરમ્યાન બે કાકા અને એક ભત્રીજાને અકસ્માતે ઈલેક્ટ્રીક શોર્ટ લાગતાં એક જ પરિવારના ત્રણ ત્રણ જુવાનજોધ યુવાનોના મોત નિપજયા હતા. ત્યારે ગઈકાલે રાત્રીના સમયે ગામ આખું શોકમાં ડુબી જતાં ગામના એક પણ ઘરમાં ચુલો સળગ્યો ન હતો. આજે સવારે આ ત્રણેય યુવકોની અંતિમયાત્રા નીકળતા ભારે કરૂણતા સર્જાય હતી. આખું ગામ હિબકે ચડયું હતું.

આ બનાવમાં અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના હનુમાનપુર ગામે રહેતા બાબાભાઈ જીલુભાઈ બોરીયા નામનાં ૪૦ વર્ષિય ખેડૂતનો દીકરો ભવદીપ તથા પોતાના બે ભાઈઓ પથુભાઈ તથા માનકુભાઈ એ રીતેના ત્રણેય ગઈકાલ તા. ૨૩ ના બપોર પછી સાડા ચારેક વાગ્યાની આસપાસ પોતાના મકાનનો સ્લેબ ભરવાનો હોય જેથી રેતી ધોવાના મશીનમાં રેતી ધોવાનું કામ કરતાં હતા. તે દરમ્યાન આશરે પાંચેક વાગ્યાની આસપાસ અચાનક પથુભાઈને ઈલેક્ટ્રીક શોર્ટ લાગતા તેઓ

અનુસંધાન પાના ૬ ઉપર










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)